R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...
(Gujarati & English Bilingual) FORTNIGHTLY
સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 12 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH APRIL 2021
(DIGITAL ISSUE) BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

MICROFINISH

Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

## શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી કવિ 'તેજ'

**કચ્છી ભાષાના ખ્યાતનામ કવિ અને સાહિત્યકાર શ્રી તેજપાલ ધારશી નાગડાના દિવંગત આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના**

મૌલિક શીઘ્ર કવિ તેજ આપણી જ્ઞાતિના ગૌરવ. કોઈ પણ પ્રસંગ, કોઈ પણ ઘટના કે વસ્તુ પર અદભૂત કવિતા રચવામાં જાણે સરસ્વતી એમની જિહ્વાગ્રે વિરાજતા. કવિ તેજ કુદરતના લાડકા પુત્ર હતા. પક્ષી નિરીક્ષક તરીકે પણ અદ્વિતીય હતા. એમનું પુસ્તક, 'પંખીયન જી પિરૂલિયું' એમની ઊંડી નિરીક્ષણ શક્તિનો પરિચય આપે છે. કવિ તેજ જેવી બહુમુખી પ્રતિભા સદીઓમાં એકાદ અવતરે છે. ઈશ્વર એમના જીવાત્માને ઉચ્ચ ગતિ પ્રદાન કરે.

ઓમ શાંતિ... શાંતિ... શાંતિ...

પ્રકાશ સમીક્ષા એમની દુઃખદ વિદાયથી શોક અનુભવે છે. પ્રભુ એમના પરિવારને આ કારમો આઘાત સહેવાની શક્તિ અર્પે.

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

## શ્રદ્ધાંજલિ



## સ્વ. શરદભાઈ કાન્તીલાલ નાગડા (શાહ) - નલિયા, પુના

પ્રકાશ સમીક્ષા સમિતિ ટ્રસ્ટના સૌથી જૂના વરિષ્ઠ સાથી અને ઉમદા માર્ગદર્શક આદરણીય શરદભાઈ કાન્તીલાલ નાગડા (શાહ) નલીયા, પુના, આપની વિદાય પ્રકાશ સમીક્ષા પરિવારની અપુરનીય ક્ષતિ છે.

શરદભાઈનો નિરાભિમાની, સૌમ્ય અને મિત્રવત વ્યવહાર અમારા માટે સદા દિશાબોધક બની રહેશે. ઈશ્વર આપના જીવાત્માને ઉત્તમ ગતિ અર્પે અને પરિવારને આ વિદારક આઘાતને સહેવાની શક્તિ આપે એ પ્રાર્થના.

પરમશ્રદ્ધેય શરદભાઈ આપ સદા યાદ રહેશો. પ્રકાશ સમીક્ષાની અંતઃકરણપૂર્વક આદરાંજલી

**પ્રકાશ સમીક્ષા સમિતિ**

# શ્રદ્ધાંજલિ



જન્મ
૯.૬.૧૯૪૬

અરિહંતશરણ
૩૦.૩.૨૦૨૧

## સ્વ. શ્રી હિરાચંદ વેલજી છેડા

(સુથરી, હાલ મુલુંડ)

નથી હયાત પણ સાથે છો એવું હંમેશા લાગ્યા કરશે,
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરશે,
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરશે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ રીતે સદાય દર્શન થયા કરશે.

**: શોકાતુર પરિવાર :**

| | |
|---|---|
| માતા પિતા | : માતુશ્રી હીરબાઈ વેલજી ઘેલાભાઈ છેડા (સુથરી) |
| સાસુ સસરા | : માતુશ્રી પુરબાઈ મુલજી ગંગાજર પીર (નલિયા) |
| પત્ની | : શ્રીમતી મધુરી હિરાચંદ છેડા |
| પુત્રી જમાઈ | : અ. સૌ. રીના લાજેશ લોડયા |
| | અ. સૌ. હેતલ મેહુલ ધરમશી |
| | અ. સૌ. નિકીતા નિમેષ લાપસીયા |
| વેવાણ વેવાઈ | : સ્વ. ગુણવતી જયચંદ માણેકજી લોડાયા (કોઠારા) |
| | અ. સૌ. નલીની ખુશાલચંદ ધનજી ધરમશી (સુથરી) |
| | અ. સૌ. રેખા જીતેન્દ્ર મોતીલાલ લાપસીયા (રંગપુર) |
| બહેન-બનેવી | : માતુશ્રી દમયંતી ચીમનલાલ નાગડા (નલિયા) |
| ભાઈ-ભાભી | : શ્રીમતી હર્ષા નવિન વેલજી છેડા, અ. સૌ. તરલા વિજય વેલજી છેડા |
| ભાણેજ-ભાણેજ વહુ | : અ. સૌ. સાધના સંજય ચીમનલાલ નાગડા |
| સાળા-સાળાવેલી | : અ. સૌ. મીરા દિનેશ પીર, અ. સૌ. કલ્પના પ્રતાપ પીર |
| સાળી | : અ. સૌ. કાશ્મીરા જયરાજ કાયાણી |
| દોહિત્ર-દોહિત્રી | : હેમાંશી, ઈન્દર, જીનલ, હર્ષલ, તન્વી, કેયાન |
| પૌત્ર-પૌત્રવહુ | : અ. સૌ. ધ્વની નિશાંત નાગડા, |
| પૌત્રી | : ભૈરવી સંજય નાગડા |

**FIBROL NON - IONICS PVT. LTD.**
**FIBERS AND CHEMICALS**

**તંત્રી સ્થાનેથી**

# સુધર્મા પાટોત્સવ - અચલગચ્છાધિપતિ પદપ્રદાન મહોત્સવ પ્રસંગે વિશેષાંકનું પ્રકાશન પરિસ્થિતિવશાત્ પાછળ ધકેલાયું છે

- ડૉ. હીરાચંદ દંડ - 7738508150



કોરોના કહેરની વર્તમાન પરિસ્થિતિમાં આવી પડેલ લોકડાઉન જેવા બંધનોને કારણે અચલગચ્છનાયક આચાર્ય ભગવંત પરમપૂજ્ય શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ વિશેષાંકને ૨૦મી એપ્રિલ ૨૦૨૧ના બદલે આગામી સમયમાં સાનુકુળ સ્થિતિમાં પ્રકાશિત કરવાનો નિર્ણય પ્રકાશ સમીક્ષા સમિતિ દ્વારા લેવામાં આવ્યો છે. આપ સૌએ શુભેચ્છા સંદેશા રૂપે આપેલા સુંદર પ્રતિસાદ બદલ સૌનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું અને પરિસ્થિતિવશાત્ પ્રકાશનના વિલંબ બદલ ક્ષમાપ્રાર્થી છું.

આ તંત્રીલેખ તા. ૧૪ એપ્રિલ ૨૦૨૧ના લખી રહ્યો છું, ત્યારે આવતીકાલથી મહારાષ્ટ્રમાં શરૂ થનારી લોકડાઉન જેવી પરિસ્થિતિમાં શું ચાલુ રહેશે અને શું બંધ રહેશે એ સમજવું પણ મુશ્કેલ છે. અનેક બાબતો ચાલુ રહેશે એટલે પરિસ્થિતિને કડકાઈથી નિયંત્રિત કરી શકાશે કે કેમ એ પણ પ્રશ્ન છે.

અગાઉના એક તંત્રી લેખમાં મેં લખ્યું હતું કે કેન્દ્ર સરકારે હવે આપણને આપણા પોતાના હવાલે છોડી દીધા છે. તા. ૧૨ એપ્રિલ ૨૦૨૧, સોમવારના હરિદ્વારના કુંભમેળામાં લગભગ ૩૧ લાખ લોકોએ ગંગાસ્નાન કર્યું હતું. એક બાજુ કોઈની અંતિમયાત્રામાં વીસથી વધુ સંબંધીઓને જવાની મનાઈ છે ત્યાં બીજી બાજુ ધર્મના નામે ૩૧ લાખ લોકો ભેગા થયા છે. ચુંટણીની પ્રચાર સભાઓ અને કુંભ મેળામાં માસ્ક કે સોશિયલ ડીસ્ટંસીંગ જરૂરી નથી જણાતું. આ ભીડને કોણ સંરક્ષણ આપવાનું છે ? અનેક સામાન્ય - નિર્દોષ લોકો કદાચ કોરોના સંક્રમિત થશે જેમને તેમના ભાગ્ય ઉપર છોડી દેવામાં આવશે.

આપણી જ્ઞાતિ પણ કોરોના સંક્રમણના કારણે ભયજનક પરિસ્થિતિમાં છે. અનેક યુવાન વ્યક્તિઓ કોરોનાના કારણે મૃત્યુ પામ્યા છે તથા અનેક સંક્રમિતો દવાઓ, હોસ્પિટલ બેડ, ઓક્સિજનના અભાવનો સામનો કરી રહ્યા છે. આ સ્થિતિ આજે ભારતભરમાં સર્વત્ર જ છે. ગત વર્ષના કોરોના સંક્રમણ કરતાં આ વરસનું સંક્રમણ ખૂબ જ તીવ્ર અને અલગ છે જે નાના બાળકો અને યુવાનોમાં પણ ઝડપભેર ફેલાઈ રહ્યું છે જે ખૂબ જ ચિંતાજનક છે.

હું તમને ભયભીત બનાવવા નથી ઈચ્છતો પણ વિનંતી કરું છું કે બહારગામ જવાનું ટાળવું હિતાવહ છે. જ્યાં હો ત્યાં સુરક્ષિત અને સલામત રહેવાનો પ્રયાસ જરૂરી છે તથા ૪૫ થી ઉપરની ઉંમરના સર્વે જ્ઞાતિજનોએ વહેલામાં વહેલી તકે રસીકરણ કરાવી લેવું પણ આવશ્યક છે. સર્વે વડીલોએ ઘરમાં જ સુરક્ષિત રહેવા વિશેષ વિનંતી કરું છું.

સમયની નજાકત પારખીને, મહેરબાની કરીને તમે પોતે જ પોતાની સંભાળ લો, કેન્દ્ર કે રાજ્ય સરકાર આપણને મદદ કરવા નહીં આવે એટલે ઘરમાં સુરક્ષિત રહો, માસ્કનો ઉપયોગ અવશ્ય કરો, હાથને સાબુથી સ્વચ્છ રાખો. કોરોનાને હરાવવા સાવચેતી જ એકમાત્ર શસ્ત્ર છે. કોવિડ -૧૯ થી સંક્રમિત થયેલા આપણા જ્ઞાતિજનો જલ્દીથી સાજા થાય એવી પ્રભુને પ્રાર્થના કરું છું.

વર્તમાન અનિશ્ચીત પરિસ્થિતિમાં પ્રિન્ટીંગ તથા પોસ્ટીંગ મુશ્કેલીભર્યું લાગે છે તેમજ કોરોના સંક્રમણને ધ્યાનમાં લઈ તા. ૨૦.૪.૨૦૨૧નો અંક ડિઝીટલ આવૃત્તિરૂપે પ્રકાશિત કરેલ છે. જેથી માહિતની આદાન-પ્રદાન થતું રહે. આપના સૌના સહયોગની આશા રાખું છું.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના  ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા  કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના  પંકજ પ્રતાપ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા  શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**: ઑડિટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૧૨, તા. ૨૦-૦૪-૨૦૨૧**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
શ્રી હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# કે.ડી.ઓ રેસીડેન્સી

## હુબલી મહાજનની યશસ્વી કલગીમાં એક પીંછુ ઔર...



'કેડીઓ રેસીડેન્સી' એ હુબલી મહાજન દ્વારા જ્ઞાતિજનો માટે બાંધવામાં આવેલ રહેણાકની પાંચમી બિલ્ડીંગ છે. ૧૯૫૬માં 'અજીત ભુવન' બંધાયાને તો અડધી સદી ઉપરાંતનો સમય વીતી ચૂક્યો છે. પણ ત્યારબાદ ૧૯૮૦ અને ૧૯૮૪માં જે.સી. નગરમાં કચ્છ હાઉસ 'એ' તથા 'બી', ત્યારબાદ કેશવાપુર એરિયામાં ૧૯૯૩માં કે.ડી.ઓ એપાર્ટમેન્ટ્સ તથા ૨૦૦૨માં કે.ડી.ઓ મેન્સન બંધાયા. શહેરના ખૂણે ખૂણે રહેતા ને જૈન વાતાવરણમાં રહેતા જ્ઞાતિ બાંધવોને એકી તાંતણે બાંધવાનો મહાજનશ્રીનો તથા ખાસ કરીને પ્રમુખશ્રી ભરત બી. ખીમજીનો પ્રયાસ બેનમૂન છે. હાલે જે.સી. નગરમાં ગીચ વસ્તી, બાળકો તથા વડીલો માટે દૂષિત હવા ને વાતાવરણમાંથી દૂર કરીને કેશવપુર એક્ષટેન્સન જેવા શહેરથી સહેજ દૂર પણ પ્રકૃત્તિને ખોળે અને કુદરતી સૌંદર્ય ધરાવતા એરિયામાં કે.ડી.ઓ. રેસીડેન્સીનું અદ્યતન બાંધકામ પૂર્ણ કરીને ત્યાનાં ૧૬ કુટુંબોને ઓગસ્ટ ૨૦૨૦માં ફ્લેટની ચાવી અર્પણ કરાઈ. કોરોનાની મહામારીને લીધે માત્ર સીમિત સંખ્યામાં જ્ઞાતિજનો તથા માત્ર ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ સહિત નાની સભામાં આ વિધી પૂરી કરાઈ. ઉપરાંતમાં રેસીડેન્સીના વિશાળ કંપાઉન્ડમાં હજી ૧ વધારાની ૧૨/૧૬ ફ્લેટવાળી બીલ્ડીંગનાં ભૂમિપૂજનની વિધી પણ પતાવી.

કે.ડી.ઓ રેસીડેન્સીમાં ૪ માળની ઈમારતમાં અદ્યતન સુવિધા ધરાવતા ૧૬ ફ્લેટ છે. લીફ્ટની સગવડતા છે. દરેક ફ્લેટને ૪ બાલ્કની છે. દરેક ફ્લેટનો કારપેટ એરિયા ૯૫૦/૧૦૦૦ સ્કે. ફીટ છે. જે પહેલાના કચ્છી હાઉસ 'એ' કરતાં બમણાથી પણ વધારે છે. ૮ ફ્લેટ પૂર્વની દિશાએ છે ને બાકીના પશ્ચિમ તરફ બંધાયેલા છે.

કોરોનાની મહામારીએ દુનિયાભરમાં હાહાકાર મચાવેલ છે. ભારતમાં પણ લગભગ દરેક રાજ્ય / ગામને આ મહામારીએ જકડી લીધેલ છે. જ્ઞાતિજનોનું આવાગમન પણ બહુ જ સંયમિત થઈ ગયું છે. છતાંયે પોતાના અંગત કામ અર્થે હુબલી પધારેલ અમુક જ્ઞાતિબાંધવો, ખાસ કરીને દાદર / વડલાના શ્રી વસંતભાઈ વિકમશી (જખૌ), ભુજથી શ્રી કિશોરભાઈ સાંયા (સુજાપુર), કોચીનના પર્યાવરણ પ્રેમી શ્રી મુકેશભાઈ લોડાયા (માંડવી), મુલુંડના શ્રી દિનેશભાઈ લોડાયા (સાંધવ), તીરૂપુરના શ્રી સતીષ નાગડા (પરજાઉ), ગદગના ડૉ. શ્રી પ્રદીપ ખોના (બારોઈ)નું પુરું કુટુંબ (૧૨-૧૪ જણ) તથા અત્રેના મારવાડી સમાજના પ્રતિષ્ઠિત બાફના પરિવારવાળા અત્રે આ બિલ્ડીંગની મુલાકાતે પધારી ચૂક્યા છે, ને દરેક વ્યક્તિએ આ બિલ્ડીંગના અદ્યતન બાંધકામની અને આજુબાજુના નયનરમ્ય કુદરતી સૌંદર્યની ખુલ્લા મોઢે, કોઈપણ શબ્દો ચોર્યા વગર પ્રશંસા કરી છે. જે હુબલી મહાજનના પ્રમુખશ્રીની દૂરંદેશિતા તથા સુંદર પ્લાનીંગની સફળતાને પૂરવાર કરે છે. બાંધકામમાં પાછળ પોતાના અમુલ્ય સમયનો તથા વિશાળ અનુભવનો લાભ આપનાર શ્રી વિરેન્દ્રભાઈ દામજી છેડા (પત્રીવાળા)ની અમુલ્ય સેવાને કોઈ કેવી રીતે ભૂલી શકે.

આ એરિયા સ્ટેશનથી લગભગ પાંચ કિલોમીટર દૂર છે. વાહન વ્યવહારની થોડીક તકલીફ હાલ છે. આજુબાજુમાં મંદિર / દેરાસર, હોસ્પિટલ કે બેંક કે માર્કેટ વગેરે ૧ કિ.મી.નાં અંતરે મેઈન રોડ પર છે. પણ આજુબાજુના વિશાળ એરિયામાં છૂટક છૂટક બાંધકામ થઈ રહેલ છે. ખાસ તો સામેના વિશાળ પ્લોટમાં સવારે ને સાંજે લગભગ ૧૫૦-૨૦૦ જણ જોગીંગ તથા વોકિંગ કરે છે. પ્રદુષણ મુક્ત વાતાવરણને લીધે મારા જેવા જૈફ (સીનીયર સીટીઝન) માટે પાછલી જિંદગીમાં ૫-૧૦ વર્ષો બોનસ રૂપે વધારાના મળ્યા છે એમ ગણતરી છે.

હુબલી અને ગદગ પધારતા કે.ડી.ઓ જ્ઞાતિજનો અમારી બિલ્ડીંગની મૂલાકાતે અચૂક પધારે ને સાથે હુબલી / ધારવાડનાં ૧૫ જેટલા જૈન દેરાસરની સેવા પૂજાનો પણ લાભ મળશે.

**- પદમકુમાર ધનજી નાગડા, નલિયા (હુબલી)**


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

સમય પ્રવાહ

# બજેટ – ભાગ ૧ : સાશકીય



- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247

ગણતરી એ મનુષ્યના ડી. એન. એ.માં જ છે; તેથી એણે અંક ગણિત, બીજ ગણિત, ભૂમિતિ અને ટ્રિગનોમેટ્રી જેવા ગણિતના અલગ અલગ પ્રકાર શોધ્યા. તે ઉપરાંત આંકડાશાસ્ત્રને એક અલગ અને વિશેષ વિષય તરીકે સ્થાપિત કર્યું. બહુ મોટા પ્રમાણમાં ગણતરીનો ઉપયોગ મનુષ્ય સંબંધ બાંધવામાં કે તોડવામાં કરે છે, અને જેમાં માત્ર આંકડાઓ નથી હોતા પણ ફાયદો અને નુકશાન એ બે પરિબળો જ હોય છે; જે આજના ડિજિટલ યુગમાં કરાતી બધી જ પ્રક્રિયાઓ જે માત્ર બે જ અંક શૂન્ય એટલે કે 'ઝીરો' અને એક એટલે કે 'વન' ના આધાર પર ચાલે છે તેને મળતી આવે છે! ત્યાર પછી આર્થિક વહેવારોમાં જેનો ઉપયોગ થાય છે તે પાયાનું ગણિત એટલે કે અંક ગણિત; જેમાં માત્ર ચાર પ્રકારે સરવાળો, ભાગાકાર, ગુણાકાર અને બાદબાકી દ્વારા આંકડાઓ સાથે રમી શકાય છે તે આવે છે. આજના આ લેખનું શીર્ષક છે 'બજેટ' જેમાં આંકડાઓ પર વિશેષ ભાર મુકવામા આવે છે તેથી આ પ્રસ્તાવના રજુ કરેલ છે. ભારતમાં સાશન વ્યવસ્થા ત્રિસ્તરીય હોવાથી દરેક સ્તરે બજેટ બનાવવામાં આવે છેઃ એટલે કેન્દ્રીય બજેટ, રાજ્ય બજેટ અને સ્થાનિક સ્તરે મહાનગરપાલિકા કે નગરપાલિકા એમ દરેક એકમ પોત પોતાના બજેટ રજુ કરે છે. મારા ખ્યાલમાં ગ્રામ પંચાયતોમાં બજેટ બનાવવાની કે તેને જાહેર કરવાની રસમ કે પ્રથા બહુ પ્રચલિત નથી.

મારી સામાન્ય સમજ પ્રમાણે બજેટ એટલે કોઈ નક્કી કરેલ સમય ગાળામાં અંદાજિત આવક અને અંદાજિત જાવકની આંકડાકીય માહિતી. ભારતમાં આ સમય ગાળો; જેને વિત્તીય વર્ષ કહે છે તે એક એપ્રિલથી શરૂ થાય છે, અને તે પછીના વર્ષના ત્રીસ માર્ચના પૂરું થાય છે. તે ઉપરાંત 'કેલેન્ડર વર્ષ' અને આવક વેરા માટે 'આકારણી વર્ષ' એવા સમય ગાળા પણ હોય છે. આ બધા બજેટોમાં કેન્દ્રીય બજેટ એ મોટા ભાગના, પણ એક આધારભૂત માહિતી પ્રમાણે ભારતની વસ્તીના માત્ર લગભગ ત્રણ ટકા લોકો જે આવકવેરો ભરે છે; તેમના માટે રસનો વિષય હોઈ શકે, બાકીના તેનાથી અલિપ્ત રહે છે. કદાચ અન્ય નાના વેપારીઓ જે હવે જી. એસ. ટી. ના કારણે પરોક્ષ રીતે કર દાતા બને છે તેઓ પણ કદાચ કેન્દ્રીય બજેટ માં થોડો રસ લઇ શકે છે. આ રીતે દેશની વસ્તીના દસ ટકાથી પણ ઓછા લોકો બજેટમાં રસ લે છે. જે લોકો આવકવેરો ભરે છે તેઓ કેન્દ્રીય બજેટ તેમની ચોખ્ખી આવક પર કઈ રીતે અસર કરશે અને કઈ ચીજ વસ્તુ મોંઘી કે સસ્તી થશે તેટલા પૂરતું જ બજેટમાં રસ લે છે. હું પણ આટલું જ ધ્યાનમાં લઉં છું. બાકી જી.ડી.પી., વિકાસ, પાંચ 'ટ્રિલિયન' અર્થ વ્યવસ્થા જેવા ભારી ભરખમ શબ્દો એ આ વિષયના નિષ્ણાંત લોકો માટે હોઈ શકે.

વેપાર, વાણિજ્ય, ઉદ્યોગ અને ખેતી જેવા અનેક ક્ષેત્રોની બજેટને સંલગ્ન અને અનુરુપ તથા યથોચિત લગતી વિગતોને એકઠી કરીને; તેને યોગ્ય માહિતીના રૂપમાં સંગ્રહિત કરીને અને પછી તેનું વિશ્લેષણ અને પૃથકરણ કરીને તેને આધાર બનાવીને બજેટ તૈયાર કરવામાં આવે છે. આ ખુબ જ જટિલ પ્રક્રિયા છે અને અનેક નિષ્ણાંત લોકોની સલાહ, સૂચન, મસલત અને મહેનત પછી બજેટ તૈયાર કરવામાં આવે છે. એટલે ભૂતકાળ અને વર્તમાનકાલની દેશની આર્થિક, સામાજિક, ઔધોગિક સ્થિતિ અને પ્રગતિની વાસ્તવિક પરિસ્થિતિ તથા કૃષિ ક્ષેત્ર, વિજ્ઞાન અને ટેક્નોલોજી તેમજ સંરક્ષણ ક્ષેત્ર જેવા મહત્વના મુદ્દાઓ જે રાષ્ટ્રની આર્થિક પ્રગતિ સાથે સલામતી અને સુખાકારીને પણ ધ્યાનમાં લઈને બજેટ તૈયાર કરવામાં આવે છે. ટૂંકમાં ભૂતકાળ અને વર્તમાન કાળના અનુભવો, વાસ્તવિકતા તથા અગાઉના બજેટના પરિણામો અને અસરને ધ્યાનમાં લઈને ભવિષ્યમાં કરવામાં આવનાર પ્રવૃતિઓ અને કાર્યોની સૂચિ અને તેના માટે આર્થિક વ્યવસ્થા અને આયોજન તથા અન્ય માળખાકીય સુવિધાઓ તૈયાર કરવા માટેનું બ્લુપ્રિન્ટ કે નકશો એટલે બજેટ.

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** Mob.: 99678 41792
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફિસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

સ્વાસ્થ્ય, શિક્ષા, સલામતી અને સુખ આ ચાર મનુષ્યની મૂળભૂત જરૂરિયાતો હોય છે અને કોઈ પણ પ્રાદેશિક ક્ષેત્ર જ્યાં આ પરિબળો સામાન્ય સ્થિતિમાં ઉપલબ્ધ હોય છે ત્યાં મનુષ્યો રહેવાનું પસંદ કરે છે. એટલે લોકો ગામમાંથી શહેરમાં અને શહેરમાંથી અમેરિકા જેવા પરદેશમાં જાય છે. આ સ્થિતિ એક સામાજિક વિષમતા પેદા કરે છે. તેથી કેન્દ્ર સરકાર ગામડાઓમાં પણ આધુનિક સુવિધાઓ પુરી પાડવા અને વિકાસ માટે બજેટમાં આર્થિક જોગવાઈ કરે છે. સમાજના સર્વાંગી વિકાસ માટે જરૂરી એવા મહિલા વિકાસ કે કલ્યાણ માટે પણ બજેટમાં આર્થિક જોગવાઈ કરે છે. એટલે એક આદર્શ બજેટ રાષ્ટ્રના દરેક રાજ્ય, દરેક ક્ષેત્ર તથા દરેક વર્ગની પ્રગતિ માટે તથા વિકાસ, કલ્યાણ અને પ્રગતિ તથા ભવિષ્ય માટે જોગવાઈઓ કરે છે.

કેટલીક વાર ચૂંટણી પહેલાં કોઈ રાજકીય પક્ષ જે હવે સત્તામાં છે તેને તેના ચૂંટણી ઢંઢેરામાં કરેલ આર્થિક કે અન્ય લાભોના વચન કે વાણી વિલાસના કારણે પણ બજેટમાં તેનો સમાવેશ કરવો પડે છે. ઉદાહરણ તરીકે એક લોકસભાના ચૂંટણી પ્રચારમાં એવું જાહેર કરવામાં આવ્યું કે રૂપિયા પાંચ લાખ સુધી આવકવેરો માફ કરવામાં આવશે. પણ ચૂંટાયા પછી એવું બજેટ દ્વારા જાહેર કરવામાં આવ્યું કે જે વ્યક્તિની ટોટલ આવક રૂપિયા પાંચ લાખ કે તેનાથી ઓછી હશે તેને આ લાભ મળશે. બાકી જેની આવક રૂપિયા પાંચ લાખથી વધારે હશે તેને નક્કી કરેલ સ્લેબ પ્રમાણે આવકવેરો ભરવો પડશે. ત્યારે જેમની વાર્ષિક આવક રૂપિયા પાંચ લાખની નજીક હતી તેવા નોકરિયાત વર્ગને તેમના ઉપરી અધિકારી એમ ધમકી આપતાં કે કામ બરાબર કરો નહીં તો પગાર વધારો કરીને આવક પાંચ લાખ કરતા વધારી દઈશું! સોસીઅલ મીડિયા પર આ જોક બહુ લોકપ્રિય થયો હતો.

આ વર્ષે સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં આશ્ચર્યજનક પરિણામો આવ્યા અને 'આપ' પક્ષ એક વિરોધપક્ષ તરીકે ઉભરી આવ્યો. તેથી 'આપ'ની લોકપ્રિયતા વધે નહીં તેટલા માટે કદાચ પ્રથમ વાર મહાનગરપાલિકાએ અમુક ક્ષેત્રફળથી નાના રહેઠાણના આવાસો પર પાલિકાના વાર્ષિક બજેટમાં વેરો ઘટાડ્યો! એટલે બજેટ પર રાજકીય કારણો કે વિચારશૈલીની અસર હોઈ શકે છે.

સૈદ્ધાંતિક રીતે બજેટ એ કોઈ પણ પ્રાદેશિક ક્ષેત્ર (રાષ્ટ્ર, રાજ્ય, કે પ્રદેશ) કે એકમની આર્થિક પ્રગતિ કે ઉન્નતિ માટે એક માર્ગદર્શિકા, રોડમેપ કે બ્લુપ્રિન્ટ કહી શકાય. પણ તે અપેક્ષા, આગાહી અને અનિશ્ચિતતાના ત્રિપાંખિયા પરિબળોથી ગ્રસિત છે. અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, પૂર, ધરતીકંપ, ભૂસ્ખલન, આંતર રાષ્ટ્રીય લડાઈ અને સંબંધો, 'સાઈબર વોર', વૈશ્વિક કે રાષ્ટ્રીય સ્તરની કોરોના જેવી બીમારીઓ, હુલ્લડો, હડતાલ અને આંતરિક યુદ્ધ જેવા અનેક પરિબળો બજેટને ખોરવી શકે છે. એટલે તે પત્તાની તીનપત્તી રમત જેવું છે, અને જેમાં તમારે બ્લાઈન્ડ જ રમવાનું છે. આમ છતાં દર વર્ષે ફેબ્રુઆરીમાં કેન્દ્રીય બજેટ અને માર્ચ મહિનામાં રાજ્ય અને નગરપાલિકાના બજેટ જાહેર કરવામાં આવે છે. કોઈ મિત્ર એ આ પ્રથાને ફેશન સાથે સરખાવેલ છે. કોઈક તેને ક્રિકેટની 'ડક વર્થ લુઇ' પદ્ધતિ સાથે સરખાવેલ કે જેમાં ભાગ્યેજ કોઈને સમજ પડે. બની શકે છે કે મારા જેવા અનેક સાધારણ બુદ્ધિ અને જ્ઞાનવાળા લોકો જેઓ માઈક્રો સ્તર પર વિચારે છે તેમને આવા મેગા કે મેક્રો સ્તર પર વિચારવાનું તેમના અભ્યાસક્રમની કે વિચાર શક્તિની બહાર હોય.

અગાઉ જણાવેલ છે તે પ્રમાણે બજેટ એટલે કોઈ નક્કી કરેલ સમય ગાળામાં અંદાજિત આવક અને અંદાજિત જાવકની આંકડાકીય માહિતી. તેથી રાષ્ટ્રીય, રાજ્ય અને સ્થાનિક સાશનકર્તાઓ પોતપોતાની રીતે અને તેમના અધિકાર અને કાર્ય ક્ષેત્રમાં આવતા નાગરિકો પાસેથી વિવિધ પ્રકારના કર ઉઘરાવે છે; અને આ રીતે પોતાની આવક ઉભી કરે છે અને તેમાંથી જનતા માટે વિવિધ સેવાઓ, સગવડો, સલામતી અને સુવિધા પુરી પાડે છે. આપણા વ્યકતિગત કે કૌટુંબિક અર્થ વ્યવસ્થા પ્રમાણે આવક, જાવક અને બચત એ ત્રણ પરિબળો પર બજેટ બનાવીએ છીએ. પણ સાશકીય બજેટમાં બચતનો ક્યારે પણ ઉલ્લેખ હોતો જ નથી. કોઈ વાર પુરાંત (સરપ્લસ) જેવો શબ્દ વાંચવા કે સાંભળવા મળે છે, પણ મોટા ભાગે ખાધવાળું (deficit) બજેટ આ શબ્દો વધારે સાંભળવા મળે છે. આપણા શાસ્ત્રોમાં કર વસુલાત માટે માર્ગદર્શક બને તેવું ખુબ જ સુંદર વાક્ય લખેલું છે કે 'રાજાએ પ્રજા પાસેથી કર એવી રીતે લેવો


**Exclusive Embroidery & Upto date Finishing**

જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

Tel.: 2404 3995 / 83692 52836 **Sunday Closed**

Online Shopping via WhatsApp available. By appointment only.

Originally at Zaveri Bazar since 1976 Follow us on

જોઈએ જેવી રીતે ભ્રમર કે મધમાખી ફૂલને નુકશાન કર્યા વગર તેમાંથી મધુર રસ કે મધ ચૂસે છે'.

જેમ કેન્દ્રીય નાણામંત્રી દ્વારા બજેટની પ્રસ્તુતિ એ એક વાર્ષિક કાર્યક્રમ બની ગયો છે, તેમ આ પ્રસારણ કે પ્રસ્તુતિ પછી કેટલાક રાજકીય નેતાઓ, આગળ પડતા ઉદ્યોગપતિઓ દ્વારા બજેટ પર ટીકા ટીપણી પણ આ વાર્ષિક કાર્યક્રમનો એક ભાગ બની ગયો છે. તે ઉપરાંત કેટલાક મહાજ્ઞાનીઓ કે 'એક્સપર્ટ' દ્વારા આ બજેટના પ્રસ્તાવો પર ટીકા ટિપ્પણી જે 'બજેટ રીવ્યુ' તરીકે ઓળખાય છે, તે પણ એક વાર્ષિક કાર્યક્રમ બની ગયો છે. હું પણ આવા 'બજેટ રીવ્યુ'ના કાર્યક્રમો જે મોટા ભાગે સ્થાનિક ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત હોય છે તે સાંભળવા જતો. મારા એક અન્ય મેધાવી મિત્રની તર્કશક્તિ અને કુશાગ્ર બુદ્ધિ માટે મને પણ નવાઈ લાગી. તેણે કહ્યું કે આ બજેટ પ્રસ્તાવોમાં સરકાર પ્રજા પાસેથી દંડરૂપે જે કરોડો રૂપિયા ઉગરાવે છે તેનો કોઈ ઉલ્લેખ પણ નથી. અને આ દંડ એ કેટલાક વિભાગો માટે નક્કી કરાયેલ વાર્ષિક આવકના ઘટને પુરી કરવા માટેની વ્યવસ્થા છે. અન્ય એક મિત્રની વાત તો ખુબ જ યોગ્ય લાગી. તેણે કહ્યું કે નાણામંત્રી બજેટમાં જે આંકડાઓ આવક અને જાવક માટે ફાળવેલ રકમનો ઉલ્લેખ કરે છે તે પ્રમાણે નાણાકીય વર્ષાન્તે આ આંકડાઓ સાથે સરખામણી કરીને ગત્ત બજેટની કાર્યક્ષમતા કે અસરકારકતા વિષે પણ કોઈ વિષેશજ્ઞો દ્વારા 'બજેટ પરફોર્મન્સ રીવ્યુ' કાર્યક્રમ રાખવું જોઈએ. નહીં તો જેમ 'સીતાનું હરણ થયું પણ પછી હરણમાંથી સીતા થઇ કે નહીં' જેવા પ્રશ્નો ઉદ્દભવે! આ સ્થળે ઉચિત અને યોગ્ય લાગતાં રજુ કરૂં છું કે આપણા કે. ડી. ઓ. સી.એ. એસોસિએશન દ્વારા પણ આ બજેટ રીવ્યુના કાર્યક્રમો દર વર્ષે યોજાય છે. મેં પણ આવા ત્રણેક કાર્યક્રમો શ્રોતા તરીકે માણેલ છે. તેમાં આડંબર વગર વક્તાઓ બજેટ વિષે પોતાના વિચારો રજુ કરે છે અને સૌથી સુંદર અને પ્રશંસનીય પ્રણાલી પ્રમાણે જ્ઞાતિના વાણિજ્ય શાખાના સી.એ, સી.એસ. અને સી.એમ.ઈ ડિગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું બહુમાન કે અભિવાદન પણ કરે છે.

**છીપનું મોતી :** ગણતરી અને આશાવાદ આ બે પરિબળો સમગ્ર માનવજાતની પ્રવૃત્તિઓના કેન્દ્ર સ્થાને હોય છે.

---

# નિબંધ રચના

**મેરા દીક્ષા જીવન કૈસા હો ? – એક કલ્પના**

સૌથી પ્રથમ તો દીક્ષા એટલે ? દીક્ષા એટલે સંયમ અને એનો અર્થ છે જગતથી પર થઈ જવું. જગત પરનો મોહ હટાવી સ્વમાં રહેવું. હા ! હું પણ આ જગત પરથી મોહ હટાવી, મારા આત્માને ઓળખવા મારા આત્મભાવમાં રહેવા માટે દીક્ષા લઈશ અને ઈન્દ્રિય પાંચ અને મન એના પર કંટ્રોલ કરી સંયમમાં આગળ વધવાનો પ્રયાસ ચાલુ રાખીશ. મારા આત્માનું અંતિમ લક્ષ છે મોક્ષ અને એ મોક્ષ પહોંચવા માટે મારા વૈરાગ્ય રસને વધારીશ. શું છે વૈરાગ્ય રસ ? છ કાય જીવનનો રક્ષક બનવા સંપૂર્ણપણે તૈયારીમાં રહીશ. વીરતીધરનું પાલન કરતા વીતરાગતાને પામી જઈશ.

ચારિત્રનું માર્ગ છે પોતાના અવગુણની વિશુદ્ધી કરવી અને એના માટે મારી ખુદની જ તૈયારી જોઈશે. ઈચ્છાનું સંપૂર્ણપણે મૃત્યુ એ છે સંયમનું પહેલું પગથીયું. એના પર ચાલવા ડગ માંડીશ. ફાવશે, ચાલશે ને ગમશે એને મારો મિત્ર બનાવીશ. મંત્ર જ બનાવી દઈશ. હવે તો મને સુંદર તક મળી છે, હવે તકદીર બનાવીને જ રહીશ. અને આ ભાવોની વિશુદ્ધિ ત્યારે જ થશે જ્યારે દેહથી આ આત્મા અલગ છે એને માનવા મન તૈયાર થઈ જશે ને અનુભવ થશે.

અંતે તો ગુરૂ પ્રત્યે સમર્પણ ભાવ રાખીશ. નિગોદથી શરૂ થઈ આ યાત્રા નિર્વાણ સુધી પહોંચવા માટે ગુરૂકૃપા જરૂરી છે. તિન્નાણં ને તારયાણં હું પણ તરીશ અને અન્યને તારીશ. તે માટે ગુરૂકૃપા, કેવલ ગુરૂકૃપા. પેલા એકલવ્યની જેમ હું પણ કોઈ અપેક્ષા વિના અખંડ અવિચલ ગુરૂભક્તિ કરીશ. આડે આવતા અંતરાયોના ખાડા – ટેકરા પાર ઉતરીશ અને ગુરૂકૃપા પામીને જ જંપીશ.

પ્રભુ મહાવીરના પગલે – પગલે ચાલવાનું શરૂ કર્યું છે ત્યારે એમને થયેલા ઉપસર્ગોનું સ્મરણ કરીશ ને ક્ષમાને પરાક્રમ ગણી તે પરાક્રમ ફોરવવા ઉલ્લાસિત બનવા તૈયાર રહીશ એજ ભાવના છે. જો દીક્ષા લઈશ તો ખતમ કરીશ Past ની Story ને બનાવીશ Problem ને Prograss ને અંતે સિદ્ધત્વ મેળવીશ. આ છે મારા અંતરની કલ્પના.

**સંકલન : કુમારભાઈ બાબુલાલ દંડ – તેરા (ભાડુંપ)**

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી મંડળ**

**અતીતની અટારીએથી**

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૧૫)''

**સોમ ધરમશી**
મો. 97267 76627



(ગતાંકથી ચાલુ...)

હવે જેમ જેમ ઘડીયારના કાંટા આગળ વધતા ગયા તેમ તેમ સ્ટીમરની ગતિ ધીમી થતી ગઈ. સ્ટીમરના તુતક પર અને ફાલકામાં સારી એવી ચહેલ-પહેલ મચી રહી હતી. સ્ટીમરનો વૉશરૂમ વિભાગ અમારાથી થોડેક દૂર હતો ત્યાં પણ 'જલ્દી કરો - જલ્દી કરો' અને દરવાજા પર થપ-થપ થપ્પાટ મારવાના અવાજો આવી રહ્યા હતા. આ બધાથી નિશ્ચિંત થઈ પેલા એક તારવાળા તંબુરા સાથેના ભજનીક ભજન ગાવામાં બેફિકરાઈથી મસ્ત હતા. (તે વખતે તો તે ભજનમાં જેસલ અને તોરલ એવા નામ આવતા હતા એવું આછું આછું આજે યાદ છે પણ પાછળથી પંદર-વીસ વર્ષ રહી મુંબઈના બિરલા માતૃશ્રી સભાગરમાં શ્રી હરીભાઈ કોઠારીનાં સંચાલનમાં યોજાયેલ ભક્તિ ગીતોની રમઝટના એક કાર્યક્રમના એ ભજન પ્રફુલ દવેના સ્વરમાં સાંભળેલું અને આજે પણ તેની કેટલીક પંક્તિઓ યાદ છે... ''પાપ તારું પ્રકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ રે; તારી બેડલીને બુડવા નહીં દઉ એમ તોરલ કહે છે જી.''

હવે સ્ટીમર લગભગ લગભગ દરિયા વચ્ચે સ્થિર થઈ ઉભી રહી ગઈ હતી. ખલાસીઓ એક મશીનને હાથથી ફેરવી-ફેરવી દરિયામાં લંગર નાખી રહ્યા હતા. ચારેબાજુ દોડધામ ચાલુ હતી. માતાજી સામાન બાંધતા-બાંધતા એક બે ખાવાની થેલી ઓછી કરવામાં વ્યસ્ત હતા. થોડાક થેપલા બચેલા તે ખાવા માટે મને ઈશારો કર્યો પણ મારા પેટમાં પડી રહેલી આંટીના કારણે ફરીથી ઉલ્ટી થવાના ભયથી કપડા વધુ બગડશે એટલે ચોખ્ખી ના પાડી. માતુશ્રીએ વધેલા થેપલા તથા વધેલું થોડું અથાણું સ્ટીમરના ડસ્ટબીનમાં ફેકી આવવા મોટી બહેનને હુક્કમ કર્યો. વાળ ઓળતી મોટી બહેન માથામાં કાંસકો ખોંસી, આજ્ઞાનું પાલન કરવા ઉભી થઈ અને કામ પતાવી પાછી આવી ગઈ.

હવે પાછી સામાનની ગણતરી શરૂ થઈ. જમવાનું ટીફીન અને પાણીનો ચંબુ હવે નાસ્તાના મોટા ટીનના ડબ્બામાં પેક થઈ ગયા હતા. માતુશ્રીની પર્સ અમારી લોખંડની પેટીમાં મારા દફતર સાથે સમાઈ ગઈ હતી. મને મારું દફતર મારી પાસે રાખવાની અદમ્ય ઈચ્છા હોવા છતાં એ સ્ટીમરમાંથી ઉતરતા તકલીફ ઉભી ના કરે એટલે પેટીમાં સમાવવાનું યોગ્ય જ હતું. હવે સામાનમાં મોટી બહેનની થેલી, નાસ્તાનો મોટો ટીનનો ડબ્બો જેના પર લાગેલ તાળાને માતુશ્રીએ ચારથી પાંચ વખત ખખડાવીને ચેક કરેલ, બે લોખંડની પેટી અને બે કોથળા એમ કુલ્લ ૬ દાગીના બાકી રહ્યા હતા.

અમારી બાજુમાં ચંદન અને તેના કુટુંબીજનો પણ તૈયાર થઈ રહ્યા હતા. મને નવાઈ લાગી હતી કે મને સ્ટીમરમાં ફેર ચડતા હતા તેથી મેં બેથી ત્રણ વખત વમન ક્રિયા કરી હતી પણ ચંદન એકદમ સ્વસ્થ હતી. તેણે માથામાં વાળની પોની ટેલ લાલ રીબીનથી બાંધી હતી, તેનું સફેદ ફરફર વાળું ફ્રોક અને ગાલોમાં ખંજન પાડતું મુખારવિંદ આજે પણ મારી નજરમાં અકબંધ છે.

અમે છુટા પડ્યા ત્યારે દૂરબીનથી તુતક ઉપરના કઠેળા પાસેથી દુર દુર માંડવીના કિનારાના અને દિવાદાંડીના દર્શન કરાવેલ અને તેના ગામ ''સુથરી'' આવવાનું ઈજન પણ આપેલ. મારા મંજલના રોકાણ દરમિયાન અમારા કુટુંબીજન સોનબાઈ મામી જેમણે પાછળથી દિક્ષા લઈ (બીજા ગચ્છમાં) સાધ્વીશ્રી સુવ્રતા નામ ધારણ કરેલ તેમને મળવા ગયેલ ત્યારે ચંદનની પુરતી તપાસ કરેલ પણ અફસોસ તે ત્યાંથી ખોવાઈ ગયેલ તેનો આજ સુધી પતો-ઠેકાણો મળેલ નથી. આજે પણ મારા માનસ પટ પર એની ખંજનયુક્ત મુસ્કાન રમી રહી છે. આજે કદાચ એ ૮૨-૮૩ વર્ષની ડોસી હોય એવી ચંદનને જોવાની મારે જરા પણ ઈચ્છા નથી.

અચાનક સ્ટીમર પર હમાલો દોડતા આવવા લાગ્યા. સ્ટીમર પરથી સીડીઓ ઉતારવામાં આવી હતી. અમુક સીડી ઉપરથી યાત્રિકો જેમની પાસે નજીવો સામાન હતો તે પોતે પોતાના કુટુંબીજનોને સહારો આપી ઉતરી રહ્યા હતા. સ્ટીમરના કઠેળા ઉપરથી મેં જોયું તો નીચે માટી કલરનો દરીયો દેખાતો હતો.

ત્યાં જ એક હમાલે દોડતા દોડતા બુમ પાડી ''મંજલવાળા વિશનજીભાઈના છડીયા'' અને મોટી બહેને તરત એના તરફ ઈશારો કર્યો. માતાજીએ પુછ્યું ''કો, નેણસી હમાલ નાય આયો ?'' પેલા હમાલે જવાબ આપ્યો. ''મા, આઉં ફકલો હમાલ, નેણસી ભા કાલ જ મુંભઈ વ્યા અઈં. ઈતરે મુંકે હલાયોં અયોં.''

(વધુ આવતાં અંકે...)

## વિલ સિરી વેંધી, ફુલ કિરી વેંધો ! કડેંક હી 'તેજ'- ૫ - તેજ મેં ભિરી વેંધો !

# ''તેજ'' ગયો, લિસોટા રહ્યા..!

– સોમ ધરમશી

મુંબઈના દામોદર હોલમાં ઈ.સ. ૧૯૮૨નાં વર્ષમાં શ્રી લાલ રાંભીયાનાં સુરીલા કંઠે, શ્રી વિક્રમ નાઝાંના સંગીતના સથવારે...

**''ન્યાર, વખત વિઝેં અણમોલ, તાંકડી તું તોજો કરે ગિન તોલ.''**

ઉપરોક્ત રચના શ્રોતોજનોને ડોલાવી ગઈ, અને મને વિચારોનાં વમળમાં ફસાવી ગઈ ?

આ રચનાનો રચયિતા કોણ ? જાણવાની ઈંતેજારી જાગી અને હાજર પ્રેક્ષકોમાંથી જાણવા મળ્યું ''કવિ તેજ'' બસ ત્યારથી આ કવિના સાહિત્યે મને ઘેલું લગાડ્યું.

તા. ૧૧ જુલાઈ, ૧૯૩૭ના નલિયા-કચ્છના શાહ ધારશીં દેવરાજ નાગડાના ઘરે સ્વ. વેજબાઈની કુખે જન્મ, પિતાશ્રીનું લગભગ એક જ વર્ષમાં મૃત્યુ અને બાળક તેજપાલ સ્વ. વેજબાઈની છત્રછાયામાં. શાળાનું ભણતર નલિયાની શેઠશ્રી ગોકુલદાસ તેજપાળ શાળામાં પણ... અડધોથી વધુ વખત સીમમાં રખડવામાં કે તળાવમાં ધુબાકા મારવામાં. બે-બે, ત્રણ-ત્રણ વર્ષ દરેક ધોરણમાં રહી બારથી તેર વર્ષ શાળા વિતાવ્યા બાદ નોકરીની શોધ, બદલાવતા-બદલાવતા જંગલ ખાતાની સરકારી જીપ ડ્રાઈવરની નોકરીમાં સ્થાઈ થયા. સુજાપુરના શાહ મેઘજી ભારમલ સાંયાની સુપુત્રી અ.સૌ. જયા સાથે ઈ.સ. ૧૯૬૩માં લગ્ન કરી સંસારમાં ઠરીઠામ તો થયા પણ એ સુખી દામ્પત્યજીવન અલ્પ જીવી નિકળ્યો અને તા. ૨૦/૧૧/૧૯૮૩ના રોજ એકદ કલાકની માંદગી ભોગવી સહધર્મચારીણી જયાબેન અરિહંત શરણ થયા.

કવિ તેજનું જીવન છેરણ-વેરણ થઈ ગયું. આ કારમો ''ઘા'' અને પાંચ સુપુત્રીઓ અને ત્રણ સુપુત્રોને મોટા કરવાની જવાબદારીએ તેજના કવિત્વને વધારે સંવેદનશીલ બનાવ્યું.

**''ભલા, ઓચિંધો કીં ભંધ થેઓ કુણકાર ?**
**ભો ! મોભી કુંજડીં જ થિઈ વિઈ કતારનું ધાર''**

કચ્છમાં દેખાતી હારબંદ કુંજલડીઓની પંક્તિઓનો અહીં કવિએ કેવો માર્મિક અર્થ લીધો છે. પોતાની પત્ની જે પરિવારની મોભી કુંજલડીં હતી તે કતાર છોડી આકાશમાં ઉડી ગઈ અને તેથી હસતો-રમતો સુખી પરિવાર જેમાં કુણકાર હતો તે કિલકિલાટ બંધ થઈ ગયો.

પ્રિય પત્નીનાં મૃત્યુ સુધી તેજ ભાગ-૧ થી ભાગ-૫ પ્રસિદ્ધ થઈ ચુક્યા હતા અને કચ્છી સાહિત્ય જગતમાં આ ઉગતો સિતારો જળહળી ઉઠ્યો હતો. ત્યારબાદ ઈ.સ. ૧૯૮૫માં આપણને મળે છે ''વિલાપજી વાણી'' , ઈ.સ. ૧૯૮૬માં ''ધર્મજી વાણી'', ઈ.સ. ૧૯૮૮માં ''કતિયું'' અને ત્યાર પછી અવિરત કાવ્યની સરવાણી પુસ્તક રૂપે પ્રગટ થતી રહી છે. ઈ.સ. ૨૦૧૮માં તેમના ચાલીશમાં પુસ્તક ''ખીરખન'' જેમાં તેમણે પસંદ કરેલી તેમની પ્રકાશિત થયેલી રચનાઓથી પૂર્ણ થયેલ છે.

કવિશ્રી તેજને ઘણા પુરસ્કારો પ્રાપ્ત થયા છે. સાહજિકપણે જેને સાંભળવા એ એક લ્હાવો છે એવો આ કવિ, સન્માનોથી દુર ભાગતા રહ્યા છે. છતાં તેમને મળેલા અસંખ્ય સન્માનો માંથી મુખ્ય સન્માનોની નોંધ લેવી ઘટે... (૧) ૧૯૮૩માં મુંબઈ સમસ્ત કચ્છી સમાજ દ્વારા રૂપિયા એકલાખની થેલી અર્પણ કરી સંઘરત્નશ્રી વશનજી લખમશી દ્વારા સન્માન, (૨) તા. ૧૦/૦૭/૧૯૯૪ના ''કચ્છશક્તિ''નો સાહિત્ય રત્ન એવોર્ડ શ્રી હેમરાજ શાહના હસ્તે મુંબઈમાં અર્પણ અને કવિ તરફથી આપણને રચના મળે છે ''ઐં પ્રેમસે કોઠાયાં તઉં, વતનથી આયો ઐંયાં, ને હાણે કચ્છ વિઝીનેં ચોંધોસે, આંઉ રતન થિઈ આયો ઐંયાં.'' (૩) ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા ''ગૌરવ પુરસ્કાર-૨૦૦૭'', તા. ૩૦/૦૫/૨૦૦૮નાં રોજ નલિયા મધ્યે શ્રી દુધાત સાહેબના હસ્તે, (૪) ૨૦૦૮નો રાષ્ટ્રીય પુરસ્કાર ''ભાષા સન્માન'' કચ્છી ભાષામાં આજીવન પ્રદાન માટે શ્રી માધવ જોષી ''અશ્ક'' સાથે કેન્દ્રીય સાહિત્ય અકાદમી તરફથી, (૫) ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ''તેજજો અવાજ ભાગ-૫'' (૧૯૮૫) અને ''લીયાર'' (૧૯૯૬)ને પ્રથમ પારિતોષિક.

આ ઉપરાંત કચ્છની પ્રતિષ્ઠીત સાહિત્યીક સંસ્થા સંસ્મૃતિ એવોર્ડ, સ્વ. રામસિંહજી રાઠોડ સુવર્ણચંદ્રક, શ્રીમતી તારામતી વિશનજી ગાલા એવોર્ડ, પુજ્યશ્રી પાંડુરંગ શાસ્ત્રી, શ્રી મોરારી બાપુ, શ્રી કે. કા. શાસ્ત્રી, મહારાવશ્રી મદનસિંહજી તરફથી આશીર્વાદ અને પુરસ્કાર.

જીપ ડ્રાઈવરથી કારકિર્દી શરૂ કરનાર કવિ તેજે

સાહિત્યની જીપ પુરપાટ દોડાવી છે. સાહિત્યનાં દરેક પ્રકાર જેવા કે 'કવિતામાં ગીત, કવિત, દોહા, બેત, સંગર, મુક્તક, હાઈકુ, અછાંદસ કવિતા અને કોઈપણ કાવ્ય પ્રકારમાં ન બંધાય તેવી રચનાઓ પણ આપી છે.' (સૌજન્ય શ્રી પ્રભાશંકર ફડકે કૃત-શબ્દને સથવારે પુસ્તક માંથી) કવિશ્રીએ કવિતા ઉપરાંત ગદ્યમાં પણ ખેડાણ કર્યું છે તેના ઉત્કૃષ્ટ નમુનાઓ અમુક પુસ્તકોમાં છલકાઈને બહાર આવે છે, તો ''ટીટોડ઼ી  ટૌકા કરે''માં તેમની નાટ્ય લેખનકલા પણ તેના સંવાદો માટે આજે પણ સાંભરે છે.




કવિશ્રી સાહિત્યનાં દરેક પ્રકારમાંથી પસાર થયા છે અને પોતાની રચનાઓ દ્વારા, ''ભક્તિ, વૈરાગ્ય, નિયતી, માયા, ધાર્મિક પાખંડ, પ્રકૃતિ, અનુભૂતિ, અહિંસા, મુલ્ય મહિમા, કુટુંબ પ્રેમ, શિક્ષણ, વિજ્ઞાન, કોમી એકતા અને સદ્‌ભાવ જેવા અનેક વિષયો સામાન્ય માનવી સુધી સાહિત્યનાં માર્ગે પહોંચતા કર્યા છે.

મુશાયરા કે કવિ સંમેલનનો નહીં પણ રૈયાણના આ મસ્ત ફકીર કવિને મળવાનો અને માણવાનો અનુભવ આનંદ પ્રદાન કરે છે. ભલે દૈહિક રૂપે શ્રી તેજપાલ ધારશીં નાગડા આપણી વચ્ચે નથી પણ કવિ 'તેજ' તરીકે એમની કાવ્યરત્ન કણીકાઓથી હંમેશ આપણા દિલમાં કાયમ રહેશે. છેલ્લે શ્રી માધવ જોષી 'અશ્ક'ના આશીર્વાદ સાથે આ લેખ અહીં પૂર્ણ કરૂં છું.

**''કલમ હલાય કવિરાજ તું, તોજી કલમ કમાલ !**
**તેજ અઈયેં તું કચ્છજો, શાયર લાલમ લાલ,**
**સુરજ જી મિસાલ, મિઠ઼ો ''અશ્ક'' કે તું લગેં..!''**

**''ખિલી ગિન, મિલી ગિન, હી મોભતજો મેડ઼ો;**
**ચૈંઈ ડીંએં જે ખેલમેં, 'તેજ' ચેં ખોભરો કેડ઼ો ?''**





### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

**આરોગ્ય પ્રકાશ**

# કોવીડ ૧૯ અને રસીકરણ



**- ડૉ. વીરચંદ લખમશી નાગડા,**
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**

ડિસેમ્બર ૨૦૧૯ થી કોરોના વાયરસે પૂરા વિશ્વમાં કહેર મચાવી દીધો છે. ઘણાં આર્થિક, શારિરીક, માનસિક રીતે હેરાન થઈ ગયા છે. લોકો ગભરાઈ ગયા છે અને વૈજ્ઞાનીકો, ડોક્ટરો મુંઝાઈ ગયા છે કે આ વાયરસને નાથવો કઇ રીતે? દુનિયાના અમુક લોકોએ પોતાના સ્વાર્થ, ફાયદા અને કમાઈ લેવાની વૃત્તિને કારણે પૃથ્વીવાસીઓને ખૂબ ડરાવી દીધાં છે, એટલે સુધી કે માણસ-માણસ અને ડોક્ટર-દર્દી વચ્ચે ખૂબ દુરી પેદા કરી દીધી છે. કોરોના કાળના શરૂઆતનાં ચાર મહિના માનવ જાત કન્ટ્રોલમાં રહી પણ હવે વળી તે કુદરતની વિરૂદ્ધ જવા લાગી એટલે કુદરત નવા કોરોના 'મ્યૂટન્ટ અને વેરીયન્ટ' સાથે ત્રાટકી છે.

ઘણાંને એમ લાગે છે કે આ બધું અમુક લોકોના ફાયદા માટે સ્કેન્ડલ ચાલી રહ્યાં છે અને વાયરસ જેવું કાંઇ છે જ નહીં, પણ ખરેખર વાયરસ છે એ હકીકત છે, પણ સાથે સાથે આટલા બધાં ગભરાવવાની જરૂર નથી. સાવચેતી સાથે હિંમતથી આ વાયરસ સામે લડવાની જરૂર છે. બિન્દાસ થઈ જવું કે ડરી જવું એ કોરોના કરતાં પણ મોટો વાયરસ છે. કોરોના સામે લડવાનું પહેલું મોટુ શસ્ત્ર છે 'ડરવું નહીં'. ડર્યા વગર જે કોરોના સામે લડ્યા છે તે બધાં સારા થઈ ગયા છે. મીડિયાની દરેક ખબર... આટલા કેસ થયાં.. આટલા મૃત્યુ થયાં, દરેક ખબર પર ભરોસો ન કરો. ફોલ્સ પોઝિટિવ કોરોનાનાં રીપોર્ટને લીધે અને અન્ય બીમારીથી થતા મૃત્યુને પણ કોરોનાનું લેબલ લગાવી મૃત્યુ આંક વધારવામાં આવે છે. 'અપડેટ' રહેવું સારું છે પણ એ જોવું જોઈએ કે આ ખબરો આપણને ખોટો તનાવ કે ડર તો નથી આપી રહીને !! કોઇપણ બીમારીનાં ઇલાજ કરતાં તે થાય જ નહીં તે જોવું ઉત્તમ છે (prevention is better than cure). જ્યાં જ્યાં વાયરસનો પ્રકોપ વધુ છે ત્યાં બહાર જવાનું ટાળવું, ૬ ફુટનું અંતર (સોસિયલ ડીસટંસિગ) જાળવવું, ૩ લેયર માસ્ક વાપરવું (નાક, મોં પર બરાબર હોવું જરૂરી), સાબુથી હાથ સાફ કરવા (સેનેટાઈઝરની આડઅસરો છે, અમેરિકામાં ૧૭% સેનેટાઇઝરમાં કેન્સરજન્ય પદાર્થ મળ્યા છે તો આપણે ત્યાં તો એનાથી વધુ મળવાની પુરી શક્યતા છે, માટે એનો બહાર પૂરતો જ ઉપયોગ કરવો યોગ્ય, સાબુથી હાથ ધોવાં બેસ્ટ છે) અને સૌથી મુખ્ય પ્રતિકાર શક્તિ વધારો (પ્રકાશ સમીક્ષા અંક ૨૩ તા. ૫ જુલાઈ ૨૦૨૦ નાં અંકમાં મારા લેખમાં વિગતવાર છપાયું છે.)

**મ્યુટેસન :** હવે કોરોના વાયરસનું સ્વરૂપ થોડું બદલાયું છે. એ માનવ શરીરના કોષોમાં પ્રવેશી આપણા કોષો દ્વારા તેનું વિભાજન થાય, સંખ્યા વધે છે. વાયરસ પરાવલંબી હોય છે. આ વિભાજન થયેલ વાયરસ ૧૦૦ % ઓરીજીનલ જેવો નથી હોતો; થોડો બદલાયેલો હોય છે. આ વાયરસને 'મ્યુટંટ' કહે છે.

**વેરીઅન્ટ :** જો એક કે તેનાથી વધુ મ્યુટંટ શરીરમાં જોવા મળે અને એની ફિઝિકલ પ્રોપર્ટી બદલાય, એ ઓરીજીનલ વાયરસ કરતાં વર્તણુંક બદલે તો તેને નવા વેરીઅન્ટ કહેવાય છે. આ ફેરફારને લીધે વેક્સિન આ વેરીઅન્ટ સામે લેનારનું રક્ષણ કરશે કે નહીં તેની ચિંતા વૈજ્ઞાનીકોને, ડોક્ટરોને સતાવી રહી છે!!

નવી સ્ટ્રેઈનમાં માથું દુઃખે, શરીરમાં કળતર થાય, દુઃખાવો થાય, આંખ લાલ થવી, કન્જકટીવાઈટીસ, 'સોર થ્રોટ'(ગળામાં સોજા), જુલાબ, હાથપગની આંગળીના કલર ઉડે, પેટમાં દુખાવો, શરીર પર ખંજવાળ વગેરે લક્ષણો હોય છે. આ સ્ટ્રેઈન પહેલાના વાયરસ કરતા વધુ ચેપી છે, ૪૦ વર્ષ વયની આસપાસનાને પણ થાય છે અને અમુકનો ભોગ પણ લે છે.

**વેક્સિન :** આજે દુનિયાભરમાં ૧૨ જાતની વેક્સિન (રસી) વપરાય છે. ભારતમાં કોવેક્સિન (ભારત બાયોટેક - હૈદરાબાદ) અને કોવિશિલ્ડ (સીરમ ઇન્સ્ટીટયુટ -પુના - ઓક્સફર્ડ એસટ્રાઝેનેકા) આ બે વેક્સિન હાલ અપાય છે. 'હાર્ટકેર ફાઉન્ડર ઓફ ઇન્ડિયાના રિસર્ચના હેડ-ડોક્ટર શ્રી કે. કે. અગ્રવાલના કહેવા અનુસાર કોવિશિલ્ડ રસીથી એનાફાઇલેટિક રીએક્સન અમુક જણાને આવી શકે છે, જે ક્યારેક ઘાતક પણ હોઈ શકે. તેમના કહેવા અનુસાર આપણા દેશમાં રોજના એક દર્દીનું આના લીધે હૃદયની લોહીની નસોમાં લોહી ગાંઠવાથી મોત થાય છે. વેક્સિનમાં રહેલ પોલીસોરબેટ-૮૦ આ રીએક્સન આપી શકે. કોવિશિલ્ડ કરતા કોવેકસીનની અસરકારક્તા વધુ, સાઈડ ઈફેક્ટ કોવિશિલ્ડ જેટલી નહીં, ન્યુરોલોજીકલ આડઅસર

નથી અને એનાફાઈલેટિક શોક નહીં. કોવિશિલ્ડ યુરોપ, ભારત અને ઓસ્ટ્રેલિયામાં માન્ય થઈ છે. કોવેક્સિન ભારત, યુરોપના અમુક દેશો, ઝિમ્બાબ્વેમાં માન્ય થઈ છે, અને ભારત, યુરોપમાં જે પણ લોકોને અપાઈ તેમને કોઈ ખરાબ અસર નથી થઈ. કોવેક્સિન એક મહિનાના ગેપમાં બે ડોઝમાં પહેલેથી જ અપાય છે અને હાલ પણ એમ જ અપાય છે. કોવિશિલ્ડ પહેલા એક મહિનાના ગેપમાં અને હવે બીજો ડોઝ ૨ થી અઢી મહિનાના ગેપમાં અપાય છે, પણ અમુક ડોક્ટરો કહે છે કે ત્રણ મહિનાના ગેપથી બીજો ડોઝ લેવાય તો તે પુર્ણ અસરકારક રહે છે. પ્રથમ ડોઝનાં ૪૨ દિવસ પછી જ તેની સંપુર્ણ અસર થાય છે, ઇમ્યુન સિસ્ટમ સક્રિય થાય છે.

કોવેકસિનની ભારતમાં સૌથી વધુ ટ્રાયલ થઈ છે. તેની ૮૧ % અસરકારકતા જાહેર થઈ છે. નવા વાયરસનાં વેરીઅન્ટ પર બન્ને વેકસિન અસરકારક છે તેવો દાવો કરાય છે. મયૂટન્ટ પર આ બન્ને વેકસિન અસરકારક છે કે નહીં તેનાં ડેટા હજી બહાર પડ્યા નથી. કોવેકસિનનો મુખ્ય પ્લસ પોઈન્ટ એટલે એનાથી એનાફાયલેક્સિસ –એટલે શરીરમાં જોરદાર રીએકશન આવવું, તે થતું નથી. કોવેકસીનથી કુદરતી શક્તિ વધુ (૮૧%) ઉત્પન્ન થાય છે એટલે કોવિશિલ્ડથી ચડિયાતી સાબિત થાય છે. યુરોપના ૨૭ દેશોમાંથી અડધાથી વધુ દેશોએ (જર્મની, ફ્રાન્સ, ઇટલી વગેરે) યુવાનોને, બ્રિટનમાં ૩૦ વર્ષથી નાના અને કેનેડા માં ૫૦ વર્ષથી નાના પર કોવિશિલ્ડ લગાવવા પર પ્રતિબંધ લગાવ્યો છે. આ બધી વિગતો પરથી સાબિત થાય છે કે દરેક રસીઓ પર સંશોધન કરવું જરૂરી છે. પોલિયો વેકસિનને અસરકારક અને આડઅસર વગરની બનાવતાં ૧૭ વર્ષ થયાં હતાં, પણ આ મહામારી ચેપી અને થોડી ઘાતક છે (મરણ અંક ૧.૫ % છે). એટલે વૈજ્ઞાનિકોએ પ્રેશરમાં આવી જઇ રસી બનાવી બહાર પાડી છે. દિલ્હીનાં ૩૬ ડોક્ટરોને વેકસિન લીધાં પછી કોરોના લાગુ પડ્યો છે, તેમાંના ૫ જણાનો ઇલાજ હોસ્પિટલમાં ચાલુ છે અને ૨ ની હાલત ગંભીર છે. CSIR નામની સંસ્થાનો દાવો છે કે વેકસિન લેવાથી કોરોના નહીં થાય તેની ગેરંટી નથી, 30% લોકો વેકસિન લીધાં પછી સંક્રમિત થાય છે, એમાંથી કોઈની સ્થિતિ ગંભીર થઈ શકે પરંતુ ખુશીની વાત એ છે કે રસીકરણથી મૃત્યુદર ઘટશે.

જો કોવિશિલ્ડ રસી લેવી હોય તો લોહીની CRP ટેસ્ટ (લગભગ ૪૦૦/) કરાવી લેવી. જો CRP લેવલ નોર્મલથી વધુ હોય તો આ રસી લેવી નહીં. કોઇએ એક ડોઝ લઇ લીધો હોય તે પણ બીજા ડોઝનાં લેવા પહેલાં આ તપાસ કરાવી લે તે યોગ્ય છે કારણ બીજા ડોઝ પછી જ આ રસીની અસરકારકતા વધે છે. આસિસ્ટંટ પોલીસ કમિશનર શ્રી રમેશ નાંગરે (વય વર્ષ ૬૦ થી ઓછી) જે કોવીડ-૧૯ને ધારાવીમાં કન્ટ્રોલ કરનાર કોવીડ હીરો કહેવાયા, તેમણે કોવિશિલ્ડનાં બીજો ડોઝ લીધા પછી ફક્ત બે જ દિવસ બાદ કાર્ડીયાક અરેસ્ટથી તેમનો સ્વર્ગવાસ થયો. હાર્ટ અટેક કોઈને ક્યારે પણ થઈ શકે પણ શરીરમાં જો સોજાની ગઠન હોય તો કોવિશિલ્ડ વેકસિન હાર્ટ અટેકનું કારણ બની શકે છે. હકીકતમાં રસી લેવાથી મૃત્યુ થયું નથી એમ જાહેર કરી દેવાય છે. માહીતી મળી તે અનુસાર ૨૧ માર્ચ સુધી કોવિશિલ્ડનાં બન્ને ડોઝ લીધાં પછીના આ રીતે મૃત્યુ થયાંનો અંક ૬૦ નો છે.

**વેકસિન કોણે ન લેવી :** જેમને કોઇપણ દવાની એલર્જી હોય; કે બ્લીડીંગ ડીસઓર્ડર હોય; સગર્ભા હોય; સ્તનપાન કરાવતી સ્ત્રી; જેમને કોરોના જેવા કાંઇ લક્ષણ હોય તેમણે કોરોના વેકસિન લેવી નહીં. કોઇપણ પ્રકારની સર્જરી કરાવનારે ૧૫ દીવસ અગાઉ રસી લેવી જોઈએ. હાલમાં જ કોરોના થઈ સાજા થયેલ હોય, ગંભીર બીમારીમાંથી બહાર આવેલા હોય તેમણે એક બે મહિના બાદ જ રસી લેવી. Ecosprin જેવી દવા રોજ લેતા હોય અને Immunopresant દવા લેતા હોય તેમણે M.D. ડોક્ટરની સલાહ લીધાં બાદ જ રસી લેવી.

કોવિશિલ્ડની 'Phase-3 clinical trial' થયેલ છે તેથી રસી લેનારની સંમતિ (consent) લેવી નથી પડતી જ્યારે કોવેકસિનની હજી '3-trial' નથી થઈ, તે 'clinical try-mode'માં છે, તેથી આ રસી લેનારની સંમતિ લેવામાં આવે છે. કોવેક્સિનની '૩ ટ્રાયલ ડેટા' ઉપલબ્ધ છે, ફક્ત ઓથોરિટી મંજુર કરે એટલે consent form ભરવું નહી પડે.

રસી વિશેની માહિતીમાં ભવિષ્યમાં ફેરફાર થવાની પુરી શક્યતા છે પણ શહેરોમાં આ મહામારી ખુબ ફેલાઈ છે અને રસીકરણ ચાલુ છે એટલે શક્ય એટલી માહિતીની છણાવટ કરી સમાજને સમયસર ઉપયોગી થાય તે માટે અહીં આપી છે.

કોરોનાના લક્ષણ જણાય કે તરત જ ડો. વિશ્વરૂપ રોય ચૌધરી, MD અને બીજા MD સાથીઓએ યુટ્યુબનાં વિડિયોમાં જણાવેલ અઢી દિવસનો નેચરલ કોર્સ શરૂ કરવાનો વિચાર તમારા ફેમીલી ડૉક્ટરની સલાહ લઈ કરી શકો.

કેન્દ્ર સરકારના કોરોના સામેના પ્રયાસ સરાહનીય છે, આપણે પણ સાથ આપવો જરૂરી છે. કોરોના વાયરસની

ચેઈન તોડવા, કોરોનાને હરાવવા કોરોનાના બધા નિયમ પાળી માનવજાતને આ આપત્તિમાંથી બહાર કાઢવા નિમિત્ત બનીએ. જે શહેરમાં અને જ્યાં પણ કોરોના વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે ત્યાં લોકોએ રસી લેવી અતિ જરૂરી છે. રસી લઇ આ રસી શોધનાર વૈજ્ઞાનિકો ને જશ અપાવીએ.

વેકસીન મદદગાર બની રહે પણ 'કોરોના કહર'માંથી ઉગારે એવું નથી, તેથી દરરોજ તુલસી + સૂંઠ + મરીનો કાઢો લ્યો. અત્યારે ગરમીમાં કાઢો ગરમ ન પડે તે માટે દિવસ દરમિયાન વરીયાળીનું શરબત, પાણી- છાશનો વધુ ઉપયોગ, તકમરીયા કે ગુલકંદનો ઉપયોગ કરી ઠંડકની રાહત મેળવી લેવી. સૂંઠ, હળદર, તજ, અજમો નિયમિત લ્યો. કપાલભાતિ, અનુલોમ- વિલોમ પ્રાણાયામ નિયમિત કરો. મોસંબી, સંતરા, લીંબુ, પેરુ, અનાનસ, આંબા, સુકવેલા આમળા જેવા વિટામિન 'સી' થી ભરપુર ફળો નિયમિત લ્યો જેથી પ્રતિકાર શક્તિ વધે જે કોરોના અને તેના જેવા બીજા વાયરસને મારી હટાવે. રોજ બાફ લ્યો. બહાર જનાર વ્યક્તિ બે-ત્રણ વખત પણ બાફ લઇ પોતાની રક્ષા કરી શકે.

વૈજ્ઞાનિકો જેમણે દિવસ - રાત જોયા વગર અથાગ મહેનત કરી માનવજાત માટે કોરોના વેકસીનની શોધ કરી તે વૈજ્ઞાનિકોને સો - સો સલામ.

## હાલાર તીર્થ દર્શન - ખાવડી નાની

નાની પણ ખૂબસૂરત ખાવડી જામનગરન પશ્ચિમે ૨૫ કિ.મી.ના અંતરે જામ ખંભામિયા રોડ પર સિક્કા પાટીયાથી દોઢ કિ.મી.ના અંતર પર આવેલું ગામ.

અહીંના જિનાલયના મૂળ નાયક છે શ્વેત પદ્મમાસની મનમોહક મૂલનાયક ચિંતામણી પાર્શ્વનાથ દાદા.

સંવત ૧૯૮૬ના ચૈત્ર કૃષ્ણ પક્ષે દશમીના બુધવારે (તા. ૨૩.૪.૧૯૩૦) સ્થાનીય ક.દ.ઓ. શ્રેષ્ઠીવર્ય નરશી દેવાણી, શા પદમશી કાનજી લોડાયા, શા નરશી ખીમજી લુઠિયા, તથા પોપટલાલ ધરમશી લોડાયાએ મહારાજાધિરાજ જામશ્રી રણજીતસિંહજી પાસેથી ઉપાશ્રય નિર્માણાર્થે ભૂમિ ખરીદી મહાજનશ્રીને અર્પણ કરી.

આ જમીન પર શેઠશ્રી રતનશી દેવાણીના સુપુત્રી મિઠીબાઈના સ્મરણાર્થે વંડો બંધાવી આપેલો. ત્યારબાદ ગં. સ્વ. મૂરબાઈ પુનશી દામજી નાગડાએ પોતાના સાસુ સસરા સ્વ. ગંગાબાઈ દામજી કચરાણી નાગડા અને પતિ સ્વ. પુનશીભાઈના સ્મરણાર્થે સંવત ૧૯૯૩ના વૈશાખ શુક્લ તૃતિયા, ગુરૂવાર, તા. ૧૩.૨.૧૯૩૭ના રોજ ઉપાશ્રયની પાકી જગ્યા બંધાવી આપી. તત્પશ્ચાત ગૃહ ચૈત્યાલયનું નિર્માણ થયું અને પંચ ધાતુની પ્રતિમા પધરાવવામાં આવી.

ઈ. સ. ૧૯૬૨માં શ્રી નાની ખાવડી (હાલાર) જૈન ચિંતામણી પાશ્વનાથ દેરાસરજી ટ્રસ્ટનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું.

સં. ૨૦૨૮ વૈશાખ શુક્લ ૧૩, તા. ૨૫.૫.૭૨ના શુભ દિને માતુશ્રી ચાંપબાઈ ટોકરશી પદમશી ધરમશી પરિવાર તરફથી મૂ. ના. ચિંતામણિ પાર્શ્વનાથ દાદા, વાસુપૂજ્ય સ્વામી અને શ્રી શાંતિનાથ ભગવાનની આરસ પ્રતિમાની ગૃહ જિનાલયમાં પ્રતિષ્ઠા કરવામાં આવી.

સંવત ૨૦૫૭, તા. ૨૭.૫.૨૦૦૧ના દિને તપસ્વી રત્ન આ. ભ. શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ. સા.ની આજ્ઞા - આશીષથી પ. પૂ. સા. મહોદયાશ્રીજી મ. સા. આદિ ઠાણાની શુભ નિશ્રામાં દાદાશ્રી કલ્યાણસાગર સૂરિશ્વરજી મ. સા., અચલગચ્છાધિષ્ઠાયિકા મહાકાલી માતા, શાસન સામ્રાજ્ઞી શ્રી ચક્રેશ્વરી માતાજીની પ્રતિષ્ઠા અ. સૌ. નેણબાઈ પોપટલાલ રામજી ધરમશી પરિવાર, રાજ રાજેશ્વરી પદ્માવતી માતાની પ્રતિષ્ઠા માતુશ્રી કમલબાઈ વીરજી લોડાયા પરિવાર અને શાસનરક્ષક શ્રી પાર્શ્વ યક્ષની પ્રતિષ્ઠા શા રામજી લખમશી લોડાયા પરિવાર તરફથી કરવામાં આવેલી.

આગળ ઉપર શેઠશ્રી લક્ષ્મીચંદ ટોકરશી ધરમશી તથા ચંદુલાલ નાગશી લોડાયાની સૂઝબૂઝ અને તમામ કાર્યકર્તા અને ટ્રસ્ટીગણ શ્રી જયંતિભાઈ નાગશી લોડાયા અને શ્રી કાંતિભાઈ લોડાયાની જહેમતથી નૂતન જિનાલયની પ્રતિષ્ઠા સં. ૨૦૭૧ જેઠ સુદ ૧૩, તા. ૩૦.૫.૨૦૧૫ પ. પૂ. સા. શ્રી મયોદયાશ્રીજી આદિ ઠાણાની શુભ નિશ્રાએ માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા ચાલીસગામ પરિવાર દ્વારા કરવામાં આવી.

ખૂબસૂરત ખાવડી બેલડી પૈકી નાના ભાઈ જેવા ખાવડી ગામે માત્ર ૩૦૬ કેડીઓ શ્રાવક વસતી છે. પણ પ્રમાણમાં અને ધર્મ પ્રેમીઓએ ધર્મક્ષેત્રે જ નહીં, શિક્ષણ ક્ષેત્રે પણ સિતારા સર્જ્યા છે. એમાં મહત્વનું નામ છે નાગશી જીવરાજ દેવાણી પરિવાર. માતુશ્રી મોંઘીબાઈ નાગશી જીવરાજ દેવાણીની સ્મૃતિમાં સ્થાપેલું કન્યાછાત્રાલય કન્યા કેળવણીનું મહત્વનું ધામ બની રહ્યું છે. એના સંચાલકો ભાઈ જવેરચંદ અને ભાઈ સુર્યકાંત દેવાણી આ જ ગામના. ધન્ય છે ગામની ભોમકા.

(ચેતન લ. નાગડા અને ભૂપેન્દ્ર ડાઘા તથા વિશ્વજીત લોડાયાએ આપેલી માહિતીના આધારે)

- કેસરસિંહ ખોના

## પ્રભુ વીરનાં પંથે જનારા ૯૦ મુમુક્ષુ આત્માઓએ કોઠારા તીર્થની ભૂમીને પાવન કરી







જૈન ધર્મને સાક્ષાત જીવનમાં ઉતારી પ્રભુ મહાવીરનાં પંથે જઈ રહેલા ૯૦ મુમુક્ષુ આત્માઓ અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થે પધારતાં શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા વાજતે - ગાજતે સામૈયું કરવામાં આવેલ. કોઠારા જિનાલય તિર્થાધિપતિ શાંતિનાથ પ્રભુજીનાં દર્શન-વંદન કરી ધન્યતા અનુભવી હતી.

આજનાં કળીયુગમાં સંસારની મોહમાયા સાથે સંસારનો ત્યાગ કરી સંયમમાર્ગે સીધાવનાર ભારતનાં જુદા જુદા રાજ્યો અને શહેરોમાંથી ૯૦ મુમુક્ષુ આત્માઓ કોઠારા તીર્થે પધારતાં કોઠારા તીર્થની ભૂમિ પાવન થઈ હતી. યુવાન વયે આ ૯૦ મુમુક્ષુ આત્માઓ પોતાનાં શહેરોમાં મોજ-શોખનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરશે. કોઠારા તીર્થે દર્શન પૂજા - ભાવપૂજા કરી હતી. કોઠારા શાંતિનાથ પ્રભુજીનાં વિવિધ ઔષધિયોથી પક્ષાલ કરી હતી અને પ્રભુભક્તિ રંગે રંગાયા હતા.

કોઠારા તીર્થની ધન્ય ધરા પર પધારેલા અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) જૈન સંઘનાં મંત્રી શ્રી પ્રવિણ ટોકરશીં લોડાયા (સાવલા એન્ડ લોડાયા ટુર્સ) અને તેમની સંગાથે પધારેલા ૯૦ જેટલા મુમુક્ષુ આત્માઓનું શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા સન્માન કરી અનુમોદના કરવામાં આવેલ.

સવારની નવકારશી તથા સંઘપૂજનનો લાભ કુમારી પુષ્પાબેન લાલજી શામજી અજાણી પરિવારે લીધેલ. બહુમુલ્ય મુમુક્ષઓનાં બહુમાનનો લાભ ભાગ્યશાળી ૫૧ પરિવારોએ લીધેલ. સામૈયામાં હીરાલાલભાઈ જીવાણી, કાંતીલાલ લાલકા, શાંતીલાલ ધરમશી સહિત સમાજનાં આગેવાનો તથા શ્રાવક - શ્રાવિકાઓ સર્વે જોડાયા હતાં.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે કર્યું હતું. વ્યવસ્થામાં ધનપતિ લોડાયા, દિનેશ મોતા, પ્રદિપ મુનવર, વર્ધમાન લોડાયા, મહેન્દ્ર લોડાયા, નિલેશ લોડાયા તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

## કોઠારા જૈન ભોજનશાળા તથા અતિથિગૃહનાં દાતાશ્રીઓનું અવસાન થતાં અંજલિ અપાઈ

કોઠારા જૈન ભોજનશાળાનાં દાતાશ્રી શેઠશ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા તથા કોઠારા હીરા જ્યોતિ જૈન અતિથિગૃહનાં દાતાશ્રી માતુશ્રી કસ્તુરબાઈ લાલજી ધરમશીનું અવસાન થતાં શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી કોઠારા દ્વારા એક શોકસભા હીરાલાલભાઈ ખીયશીં જીવાણીના પ્રમુખપદે યોજાઈ હતી.

બંને દાતાશ્રીઓની અંતરની ભાવનાઓને બિરદાવી અંજલિ અર્પણ કરી શોક ઠરાવ પસાર કરવામાં આવેલ. પ્રબોધ મુનવર, ધનપતિ લોડાયા, પ્રદિપ મુનવર, મહેન્દ્ર લોડાયા તથા ઉપસ્થિત સર્વે ભાઈ - બહેનોએ શ્રદ્ધાંજલિ આપી હતી. મુંબઈ મધ્યે નલિનભાઈ અજાણી તથા સર્વે ટ્રસ્ટીગણે અંજલિ આપી હતી.

## વતનના વર્તમાન
### સંકલન : કેસરસિંહ ખોના

### માંડવીમાં જાપાની બૌદ્ધ સંત

માંડવીના કાશી વિશ્વનાથના રમણીય સાગર કિનારે ત્રણ દિવસથી પ્રાર્થના - યોગસાધના કરી રહેલા ૭૫ વર્ષિય જાપાની સંત (બૌદ્ધભિક્ષુ) જૂન સેઈ તેરાસવા જણાવે છે કે કોરોનાના ભયને ખાળવા પ્રાર્થના એકમાત્ર એવું સાધન છે જે માનસિક અને સાંવેગિક સમતુલા વધારી આધ્યાત્મિકતા દ્વારા મનોવિકારોમાંથી મુક્ત કરી શકે છે. તેમને માંડવીનો દરિયા કાંઠો પોતાના વતનના સાગર કિનારા જેવોજ સુંદર લાગે છે.

ભિક્ષુ તેરા સવાએ ૧૭ વર્ષની વયે દીક્ષા લઈ પોતાના ગુરૂ નિચિતા દાત્સુ સાથે ૨૧ વર્ષની વયે ભારત પધારેલા. આગળ પ્રગતિ કરતાં આંતરરાષ્ટ્રીય વિશ્વ શાંતિ સમુદાયના સલાહકાર હતા.

### જન્મજાત કુદરતી જીઓ પાર્ક કચ્છ

૨૦૦૦ લાખ વર્ષ પ્રાચીન કચ્છ બેસિન કુદરતી જન્મજાત જિઓ પાર્ક બનવાની શક્યતા ધરાવે છે. એ અંગેના શોધનિબંધો અનેક વાર આંતરરાષ્ટ્રીય મંચો અને જીઓ લોજીકલ પત્રિકાઓમાં પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. જોકે દેશની જીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાને એવી કોઈ નોંધ કે અભ્યાસની નોંધ લીધી હોય એમ લાગતું નથી. જોકે ભુસ્તર શારદા મુજબ કચ્છની રચના - જન્મ જુરાસિક કાળથી ટેથિસ સાગર જોડે થયું હોવાનું મનાય છે.

તાજેતરમાં કચ્છ યુનિવર્સિટીના ભૂસ્તર વિજ્ઞાની ડૉ. મહેશ ઠક્કર, પ્રો. ગૌરવ ચૌહાણ, વિજ્ઞાની ડૉ. એસ. કે. વિશ્વાસ અને ડૉ. કે. એન. પગેના સંશોધન હેઠળના ૭૫ જેટલા સ્થળોને ધ્યાનમાં લેતાં કચ્છ દેશનો પ્રથમ નેશનલ જીઓ પાર્ક બનવાની શક્યતા ધરાવે છે. અફસોસ એ વાતનો છે કે તમામ શક્યતાઓ છતાં જીઓ પાર્ક માટે કચ્છની એક પણ સાઈટની નોંધ લેવાઈ નથી. જ્યારે જીએસઆઈએ દ્વારા દેશની ૨૬ સાઈટ જીઓ પાર્ક માટે વિચારવામાં આવી છે. ડૉ. મહેશ ઠક્કર તો કચ્છ બેસિન જીઓ મ્યુઝિયમ છે. ખારી નદી (ભુજ)ની કોતરો, બોકસાઈટ ખનિજ વિસ્તાર, ભુજિયો ડુંગર, નખત્રાણાના ડુંગરાળ વિસ્તાર અદ્‌ભુત જીઓલોજીકલ વિસ્તાર છે. આ દિશામાં યુનેસ્કોએ સંશોધન શરૂ કર્યું છે.

### કચ્છી ભરતનો વિશેષ કવર

સ્વતંત્રતાના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સ્વરાજ સંગ્રામના મહત્વના આયોજન દાંડી કૂચની અમૃત જયંતિ પ્રસંગે પોસ્ટ / ટપાલ ખાતા દ્વારા એક ખાસ કવર બહાર પાડવામાં આવ્યો છે.

આ કવરની સજાવટમાં કચ્છના ભરત કામના જ્યોગ્રાફિક ઈન્ડીકેશન ટેગ સાથે છ કવરનો સેટ ઉપરાષ્ટ્રપતિ શ્રીમાન વૈંકૈયા નાયડુના હસ્તે પ્રસિદ્ધ કરાયા છે. છ કવરના સેટ પર પાટણનાં પટોળા, જામનગરની બાંધણી, સુરેન્દ્રનગરની ટાંગલિયા શાલ, રાજકોટનાં પટોડા તથા પેઠાપુરના પ્રિંટિંગ બ્લોક જેવા હસ્ત શિલ્પના ચિત્રો છે.

### સાંયરામા ૧૪૩મી ધ્વજા ધામધૂમથી

પ. પૂ. મુનીરાજ કંચનસાગર મહારાજ સાબેલ ઠાણા (૧) પ.પૂ. સા. શ્રી હંસાવલી મહારાજ સાહેબ આદીઠાણા, પ. પૂ. સા. શ્રી કનકગુણાશ્રી મહારાજ સાહેબ આદીઠાણા, પ. પૂ. સા. શ્રી કોમલગીરાશ્રી મહારાજ સાહેબ ઠાણા ૨, પધારતા સૌયરા સંઘે વાજતેગાજતે સામૈયો કરેલ.

ફાગણ સુદ ૧ ના શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ભણાવામાં આવેલ. રાતના પ્રભુજીની ભાવના. ફાગણ સુદ ૨ના અઢાર અભિષેક ભણાવામાં આવેલ. વિધિકાર કેવલભાઈ સાવલા, સંગીતકાર કિશોરભાઈ સંગાર પાર્ટી રમઝટ બજાવેલ.

ત્રિહાનિકા મહોત્સવ નિમિત્તે ધ્વજારોહણના દિવસે દેશાવર, મુંબઈ, ગાંધીધામ, ભુજથી ૪૯૧ ભાવિકોની સંખ્યા હતી.

ધ્વજારોહણ ટાઈમ સાંયરા આવેલ ભાઈઓ ભદ્રેશભાઈ પટેલ, હરીશ લોડયા, પદમશી મોમાયા, ઉત્તમ મોમાયા, રતીલાલ ધોળ, કાંતિભાઈ સોની વગેરે આવેલ.

**પ્રકાશ સમીક્ષાના એક વર્ષના ૨૪ અંકોમાં પાનાની નીચેના ભાગમાં શુભચિંતક તરીકે અહીં આપનો સંદેશો આપો.**
**વાર્ષિક રૂા. ૨૫૦૦૦/- , ફક્ત દશ સંદેશા લેવાના છે.**
**સંપર્ક : હેમાંગ લાલજી શાહ (મો. ૯૯૨૦૬ ૪૬૮૪૬)**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **રતીલાલ હેમરાજ લોડાયા**<br>(PS 5505) ગામ : કોઠારા | ફ્લેટ નં. K2 - 202, ગોદરેજ એટર્નીટી,<br>શ્રી કુમારન્સ સ્કૂલની બાજુમાં, ઓફ કનકપૂરા મેઈન રોડ,<br>હોલીડે વિલેજ રોડ, મલ્લાસેન્દ્રા, બેંગ્લોર KR 560 062<br>મો.: 09448999840 |
| **સાવન ગૌતમ મોમાયા**<br>(PS 7265) | ફ્લેટ નં. 1309 & 1310, ૧૩મા મજલે,<br>સીલ્વીનો બિલ્ડીંગ, સેનરૂફસ, ગોરેગામ મુલુંડ લીંક રોડ,<br>મુલુંડ (ઈસ્ટ), મુંબઈ – 400 081<br>મો.: 09892982405 |
| **સુર્યકાન્ત વિશનજી લોડાયા**<br>(PS 2918) ગામ : નાની ખાવડી | ૨૦૧, શીવતીર્થ કો. હા. સો., કાર્તિક સ્વામી મંદિરની પાસે,<br>અંબિકાનગર, ગોગ્રાસ વાડી, ડોંબીવલી (ઈસ્ટ) – 421 201.<br>મો.: 09167554110 / 07715968849 |
| **ચંપકલાલ શામજી ડાઘા**<br>(PS 3608) ગામ : સાંયરા | ફ્લેટ નં. 104/B, પહેલે માળે, બીલ્ડીંગ નં. ૧,<br>લક્ષ્મીપાર્ક કો. હા. સો., ખંબલપાડા રોડ, ICICI બેંકની બાજુમા,<br>ઠાકુરલી (ઈસ્ટ) MH - 421 201<br>મો.: 09082660771 / 7977731943 |
| **હિરાચંદ વિશનજી શાહ (સાન્યા)**<br>(PS 322) ગામ : સુજાપૂર | ગોવિંદ ભવન, બીલ્ડીંગ નં. ૨૦/૨, ફ્લેટ નં. ૫,<br>આર. એ. કીડવાઈ રોડ, વડાલા (વેસ્ટ), મુંબઈ – 400 031.<br>મો.: 09820051914 / 09321251914<br>022 - 2416 8766 |
| **સુર્યકાન્ત મુલજી મૈશરી**<br>(PS 705) ગામ : લાલા | એ/૪–૨૦૪, મેપલ ઓએસીસ, સાહેબ બંગલોની બાજુમાં,<br>વી. વી. નગર રોડ, કરમસદ – GJ 388 325<br>મો.: 09820991684 |
| **શ્રીમતી જયશ્રી રીધ્ધીસ પાલાણી (ખોના)**<br>(PS 1004) ગામ : કોઠારા | B-601-602, છઠ્ઠા માળે, F રેસીડન્સી, અમરમહલ જંક્શન,<br>ચેમ્બુર (વેસ્ટ), મુંબઈ – 400 089.<br>મો.: 09228995665 / 09819127714 |
| **ડેની ચીમનલાલ લાલકા**<br>(PS 7115) ગામ : વારાપધર | ફ્લેટ નં. ૪૦૫, ચોથે માળે, સપ્તગીરી એનક્લેવ,<br>થાવાસી નગર એક્સટેનશન, કોવિલ મેડૂ,<br>કોઈમ્બતૂર TN 641 025<br>મો.: 09443151613 / 8072887287 / 9487951613 |

### સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

# જીવનચક્ર

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪.૦૪.૨૦૨૧ | મુલુંડ | આકાશ વિજય નારાણજી ધરમશી | સાંયરા | ૨૬ |
| | ઐરોલી | કુંજલ અજય દામજી શાહ (લોડાયા) | સાંયરા | ૨૫ |
| ૧૩.૦૪.૨૦૨૧ | જલગાવ | ભાવિન લહેરચંદ મોરારજી પોલડીયા | ગોએરસમા | ૨૯ |
| | ડોંબીવલી | જીનલ તુષાર બીપીનકુમાર નાગડા | નલિયા | ૨૫ |
| ૧૩.૦૪.૨૦૨૧ | ડોંબીવલી | વિરાજ જવેરચંદ દામજી ધ્રોળ | કોટડી મહાદેવપુરી | ૨૯ |
| | ડોંબીવલી | ફોરમ હિરેન લખમશી ધરમશી | તેરા | ૨૬ |
| ૧૫.૦૪.૨૦૨૧ | ડોંબીવલી | કપિલ ભરત જવેરચંદ ધરમશી | કોઠારા | ૩૩ |
| | ભાડુંપ | અક્ષતા નીતિન મણીલાલ ધરમશી | લાલા | ૨૯ |
| ૧૮.૦૪.૨૦૨૧ | અહમદનગર | નિરવ યશપાલ લક્ષ્મીચંદ લોડાયા | રાપર | ૨૭ |
| | હૈદ્રાબાદ | માનસી પારસ હિરાચંદ ધરમશી | કોઠારા | ૨૫ |

## જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯.૦૪.૨૦૨૧ | દિવા | તેજસ જીગ્નેશ મુલજી ખોના | સુથરી | ૨૯ |
| | હુબલી | વામિની હિરેન ભદ્રિકચંદ નાગડા | નલિયા | ૨૫ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪.૦૩.૨૦૨૧ | ડોંબીવલીર | હિત સુરેશ મુરજી નાગડા | રાપર | ૨૭ |
| | ડોંબીવલી | શ્રેયા હિતેન દામજી ફૂરિયા | બિદડા | -- |
| ૦૯.૦૪.૨૦૨૧ | દિવા | તેજશ જિગ્નેશ મુલજી ખોના | સુથરી | ૨૯ |
| | હુબલી | વામીની હિરેન ભદ્રિકચંદ નાગડા | નલિયા | ૨૫ |
| ૧૩.૦૪.૨૦૨૧ | બોરીવલી | નિમેશ પ્રિતમ તારાલાલ પરદેશી | ખંડવા | ૨૬ |
| | કાંદિવલી | કરિશ્મા શશીકાંત પાસુભાઈ શાહ | મોટી ખાવડી | ૩૦ |
| ૧૩.૦૪.૨૦૨૧ | વાશી | પાર્થ ભૈરેશ રસિકલાલ પરીખ | આતરસુંબા | ૨૬ |
| | સાનપાડા | પાયલ ભરત મુલજી ખોના | સુથરી | ૨૬ |
| ૧૩.૦૪.૨૦૨૧ | ડોંબીવલી | ગૌરવ સુભાષ ગોવિંદજી લોડાયા | મોટી ખાવડી | ૨૫ |
| | ડોંબીવલી | અપૂર્વા સુધીર રામચંદ્ર ચવ્હાણ | ચિપલુન | ૨૨ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧.૦૪.૨૦૨૧ | અમદાવાદ | રાજુલાબેન નલિન મોમાયા | વરાડીયા | ૭૫ |
| ૦૧.૦૪.૨૦૨૧ | નખત્રાણા | રમેશચંદ્ર મેઘજી દંડ | લુણી | ૬૯ |
| ૦૧.૦૪.૨૦૨૧ | માટુંગા | કસ્તૂરીબેન લહેરચંદ સોની | સુથરી | ૭૧ |
| ૦૧.૦૪.૨૦૨૧ | વસઈ | મૂલરાજ માણેકજી ખોના (પાલાણી) | કોઠારા | ૬૬ |
| ૦૨.૦૪.૨૦૨૧ | નાસિક રોડ | ચંદ્રકાન્ત પદમશી ધરમશી | સુથરી | ૮૦ |
| ૦૩.૦૪.૨૦૨૧ | ખરગોન | જિતેન્દ્ર નવિનચંદ્ર લોડાયા | સુથરી | ૬૦ |
| ૦૪.૦૪.૨૦૨૧ | હૈદ્રાબાદ | કસ્તૂરીબાઈ વાલજી ધરમશી | કોઠારા | ૯૧ |
| ૦૪.૦૪.૨૦૨૧ | વિરાર | દક્ષાબેન રાજેન્દ્ર ગોસર | ગોએરસમા | ૫૮ |
| ૦૪.૦૪.૨૦૨૧ | ગાંધીધામ | નિરૂપમા શરદચંદ્ર નાગડા | નલિયા | ૭૧ |
| ૦૫.૦૪.૨૦૨૧ | ડોંબીવલી | મધૂરીબેન નવિનચંદ્ર લોડાયા | સાંયરા | ૬૯ |
| ૦૫.૦૪.૨૦૨૧ | અંધેરી/સુરત | સુર્યકાન્ત રાયચંદ લોડાયા | સુથરી | ૭૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫.૦૪.૨૦૨૧ | ઘાટકોપર | ભારતીબેન રતિલાલ ખોના | તેરા | ૭૨ |
| ૦૬.૦૪.૨૦૨૧ | પૂના | પ્રફૂલ શિવજી લોડાયા | નલિયા | ૭૨ |
| ૦૬.૦૪.૨૦૨૧ | ઘાટકોપર | ઉર્મિલાબાઈ દેવશી દંડ (કાથાવાલા) | સુથરી | ૭૮ |
| ૦૭.૦૪.૨૦૨૧ | ડોંબીવલી | સરલા નીતિન પોલડીયા | બાયઠ | ૪૬ |
| ૦૭.૦૪.૨૦૨૧ | ડોંબીવલી | રતીશ લધૂભાઈ ધરમશી | ગોરખડી | ૫૪ |
| ૦૭.૦૪.૨૦૨૧ | મુલુંડ | પૂનશી લખમશી માલદે (ડાઘા) | દલતૂંગી | ૮૪ |
| ૦૭.૦૪.૨૦૨૧ | ઘાટકોપર | હિરાબેન હંસકુમાર છેડા | નલિયા | ૬૫ |
| ૦૮.૦૪.૨૦૨૧ | વડોદરા | યોગેન્દ્ર નરશી ગોસર (લધૂમામા) | ગોએરસમા | ૭૭ |
| ૦૮.૦૪.૨૦૨૧ | અંતરજાળ | દમયંતીબેન હંસરાજ દંડ | લાલા | ૭૩ |
| ૦૮.૦૪.૨૦૨૧ | મુલુંડ | દિપક રઘુનાથ પાંડે (મધૂરી દિનેશ પદમશી લોડાયા – સાંયરાના જમાઈ) | | -- |
| ૦૮.૦૪.૨૦૨૧ | ડોંબીવલી | નવલબેન નારાણજી મૈશેરી | લાલા | ૮૦ |
| ૦૯.૦૪.૨૦૨૧ | મોટી ખાવડી | કાંતીલાલ નાથાલાલ લોડાયા | મોટી ખાવડી | ૮૧ |
| ૧૦.૦૪.૨૦૨૧ | ઘાટકોપર | ચંદ્રકાંત પદમશી નાગડા (કક્કા) | નલિયા | ૬૮ |
| ૧૦.૦૪.૨૦૨૧ | -- | ચેતના પ્રવિણ દોશી (ભાણજી હિરજી લોડાયાની પુત્રી) | | ૫૬ |
| ૧૦.૦૪.૨૦૨૧ | જખૌ | જેઠીબાઈ ટોકરશી લાલકા | લાલા | ૯૪ |
| ૧૧.૦૪.૨૦૨૧ | અંતરજાળ | મીનાબેન વીરચંદ મૈશેરી | સાંધાણ | ૭૩ |
| ૧૧.૦૪.૨૦૨૧ | જામનગર | તિલકચંદ્ર જયંતીલાલ ખોના | મોટી ખાવડી | ૬૦ |
| ૧૧.૦૪.૨૦૨૧ | મુલુંડ | રંજનબેન મેઘજી લોડાયા | ગોરખડી | ૭૧ |
| ૧૨.૦૪.૨૦૨૧ | ભોપાલ | જ્યોતિ સુધીર મોતા | વાંકૂ | ૬૧ |
| ૧૨.૦૪.૨૦૨૧ | ડોંબીવલી | ઉત્તમ વિરજી ડાઘા | દલતૂંગી | ૫૭ |
| ૧૨.૦૪.૨૦૨૧ | નવાપૂર | નિખીલ ગુલાબચંદ લોડાયા | રાપર | ૪૨ |
| ૧૩.૦૪.૨૦૨૧ | ઘાટકોપર | પ્રફૂલ ચીમનલાલ મોતા | તેરા | ૫૯ |
| ૧૩.૦૪.૨૦૨૧ | બાન્દ્રા | રાયચંદ ભવાનજી ધરમશી | કોઠારા | ૭૦ |
| ૧૩.૦૪.૨૦૨૧ | નાંદેડ | જયાબાઈ માણેકજી પોલડીયા | બાયઠ | ૮૩ |
| ૧૩.૦૪.૨૦૨૧ | બાયઠ | ડૉ. નિલેશ મેઘજી પોલડીયા (પટેલ) | બાયઠ | ૫૧ |
| ૧૪.૦૪.૨૦૨૧ | થાણા | ડિમ્પલ નલીન ડાઘા | વરાડીયા | ૫૩ |
| ૧૪.૦૪.૨૦૨૧ | ડોંબીવલી | સુરેશ વીરજી ડાઘા | દલતૂંગી | ૭૫ |
| ૧૪.૦૪.૨૦૨૧ | નાશીક | મુકેશ નવિનચંદ્ર નાગડા (પટેલ) | નલિયા | ૬૧ |
| ૧૪.૦૪.૨૦૨૧ | અમદાવાદ | શીલાબેન નીતિન મોમાયા | તેરા | ૬૯ |
| ૧૫.૦૪.૨૦૨૧ | પૂના | શરદ કાન્તીલાલ નાગડા | નલિયા | ૭૫ |
| ૧૫.૦૪.૨૦૨૧ | સિહોરા-બોહાની | કપિલ શશીકાન્ત દંડ | ભરૂડીયા | ૩૭ |
| ૧૫.૦૪.૨૦૨૧ | જલગામ | અશોક નારાણજી નાગડા | જખૌ | ૬૧ |
| ૧૫.૦૪.૨૦૨૧ | મુલુંડ | વિજયસિંહ લાલજી ખોના | નલિયા | ૮૨ |

### વિશેષ નોંધ :

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **– તંત્રી મંડળ**

### વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય – મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઈનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઈ શકાતી નથી.

BEING JAIN

# Ayambil Tap – One of it's kind. Conquer taste to conquer the mind.



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

Three days ago I read the news about Mumbai High Court allowing 58 Jain temple trusts to home deliver special fasting food to those observing Ayambil tap. Our Ayambil oli has started and now during Maharashtra lockdown, this relaxation was a welcome move for all those observing the Ayambil fasts.

My mind started reflecting upon the supreme significance of Navpad Aaradhna done during the Ayambil olis.

'Nav' means 9 and 'Pad' refers to spiritual levels of a soul . So Navpad means the 9 supreme levels. These are Arihant, Siddh ,Acharya, Upadhyay, Sadhu, Samyak Darshan, Samyak Gnan , Samyak Charitra and Samyak Tap. Out of these, 5 pads are a part of the Navkaarmantra. The remaining 4 levels take the seeker to the pinnacle of his journey.

Jain laity performs this Aaradhna or worship twice a year by observing Ayambil for 9 days, each day for each pad along with their worship by a structured series of external and internal austerities. This Ayambil oli is performed back to back 9 times over a period of four and a half years totalling to 81 Ayambils. It is the best tool to destroy the endless obstacles ( Karmas) in the way of liberation.

This Navpad Ayambil oli is said to be eternal. It is eternal because no person is worshipped here, only the different stages that a soul undergoes are glorified. It means that the Navpad Aaradhna is , was, is and will be always observed during the times of all 24 Tirthankars of the past , present and future time cycles. This is the surest way to spiritual enhancement and liberation.

The famous incident from the lives of King Shripal and Maynasundri, which is read and followed till date, happened almost 12 Lakh years ago during the times of our 20th Tirthankar, Shri Munisuvrat Swami. We all know how princess Maynasundari who was married to a leper and the couple , under the holy guidance of Acharya Munichandra, observed the Ayambil oli and how the leper( Prince Shripal) was cured of his disease. This story describes the conviction that Maynasundari had in the Karma philosophy and the devotion she had towards Navpad .

The benefits of Ayambil are many . The one meal taken between sunrise and sunset in this type of fast , is devoid of 6 laghu Vighais along with vegetables and fruits .Vighais are food which change the natural tendencies of body, mind and soul and pervert them. The 6 laghu Vighais not permitted are sugar , milk , ghee , oil , curds and fried food .

Also , no spices except roasted salt (specific salt used and roasted in a specific way), Pepper, dry Ginger (soonth), Asafoetida (hing) and Peepramul or ganthoda are permitted . It is said if we can conquer our tongue , we can conquer all other senses. While Upvas is a method of 'suppression' of the mind , Ayambil is an aradhna to 'conquer' the mind and once conquered, it results in a giant leap towards spiritual enhancement.

An Ayambil tap which helps us achieve the stage detached from taste, is an excellent detoxification for the body as well.

It is also very interesting to note the timing of the Ayambil Oli's which are celebrated during spring (march/ April)and autumn ( Sept / Oct). These in-between periods of two seasons are considered best for attaining pure spiritual State.

From the point of physical health, Ayambil fasts balance our digestive systems to nullify any negative effects of the climatic changes during these periods. Although it works as a booster for improving ones physical health, this betterment is only a bi-product and it should never be the aim while observing this fast.

## MOTHER

Mother – that one word that cannot be defined in a single phrase; that one word that embodies all the love a human being could possibly offer. A mother is not just someone who gave birth to a child. If you ask me, a mother represents the combination of feelings, behaviors and sacrifices that occur while raising a child. Mothers leave all their personal needs behind so their children can have everything they need. They will not sleep or eat until you come home and they know you're safe and sound. Mothers will protect their children with the price of their own lives. In a child's eyes, a mother is a goddess. She can be glorious or terrible, benevolent or filled with wrath, but she commands love either way. I am convinced that this is the greatest power in the universe.It's not every day that we take the time to let them know how grateful we are for everything they've done for us. Maybe we believe that's just their duty and we don't even think to thank them.but When God made Moms, He gave me the Best one.

***Today I Have this Opportunity to quote something for you mom :***

***Mom** Is Like A **Dew**, That Never Stops **Shining**.*
***Mom** Is Like A **Bird**, That Never Stops **Flying.***
***Mom** Is Like A **Flower** , That Never Stops **Blooming.***
***Mom** Is Like A **Machine**, That Never Stops **Working.***
***Mom** Is Like A **Water**, That Never Stops **Flowing.***
***MOM IS LIKE EVERYONE,***
***BUT NO ONE IS LIKE MOM ...***

Meet Sanjay Somchand Meisheri
(Dombivli – Sandhan)



---

### સખીવૃંદ – પૂણે



જ્ઞાનકી સહી કિંમત તભી હોતી હૈ, જબ ઉસકા સહી ઉપયોગ કિયા જાયે. ૨૦૨૦ –૨૧ વર્ષની પ્રોફેશનલ મિટિંગ માટે સ્વાસ્થ્યને લગતો પ્રાણાયામ અને મુદ્રાનો વિષય પસંદ કરાયો. જેના માટે પંચતત્વોના ચમત્કારમાં વિશ્વાસ ધરાવનાર અને વિષયના નિષ્ણાંત એવા નિશાબેન કૌશલ સૈયાને ઓનલાઇનની ઝૂમ મીટિંગ પર માર્ચ મહિનામાં આમંત્રિત કરાયા. નિશાબેને ૬ દિવસના ઓનલાઇન વર્કસોપ દરમ્યાન સૌ સખીઓને વિષયની ઘહેરી સમજ આપી અને અનેક નાની નાની પણ અગત્યની માહિતી પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

પ્રાણાયામના આઠ પ્રકાર, વિવિધ મુદ્રાઓ તથા તેના ફાયદા સૌ સમક્ષ રજૂ કર્યા. સખીઓએ પણ ખૂબ સારી સંખ્યામાં ભાગ લઈ પ્રોફેશનલ મિટિંગના આ વિષયને સુંદર પ્રતિસાદ આપ્યો. તેમણે વર્કસોપ દરમ્યાન પોતાના અનુભવો વ્યક્ત કર્યો. અંતમાં કોમલ ધરમશીએ નિશાબેન અને સૌ સખીઓનો આભાર માન્યો.

---

### શ્રી અચલગચ્છ જૈન સંઘ – ડોંબીવલીના પ્રમુખ પદે પ્રવિણભાઈ

શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબીવલીના ટ્રસ્ટ બોર્ડ અને વ્યવસ્થાપક સમિતિના વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ની કાર્યવાહિ માટે પ્રમુખ પદે કોઠારાના ભાઈ પ્રવિણ ટોકરશી લોડાયા અને કારોબારીના સભ્ય પદે બાંઢિયાના નવિન રાયશી મૈશેરી તથા સુભાષ વિજય સોમચંદ છેડા ચૂંટાઈ આવ્યા છે. પ્રકાશ સમીક્ષાના અભિનંદન.

# શ્રદ્ધાંજલિ



જન્મ :
૬.૩.૧૯૪૪

અરિહંતશરણ
૧૫.૩.૨૦૨૧

# સ્વ. ડાયમંડ દામજી જેઠાભાઈ મૈશેરી

ગામ : બાંઢીયા, હાલ : ભાંડુપ

આસમાનથી ખરી પડ્યો તેજસ્વી તારો,
કદી ભુલાય નહિં હસમુખ ચહેરો તમારો,
હવે નહીં મળે અમને આપનો આવો સંગ મજાનો.

સેવા અને સાદગીના ગુણ ધરાવનાર એ સ્નેહમૂર્તિને પરમાત્મા ચિરઃશાંતિ આપજો.

**: હરપળ યાદ કરનાર શોકાતુર :**

અ. સૌ. સપના હિતેન મહેન્દ્ર ધરમશી – મો. ૮૩૫૬૯ ૨૧૦૯૪
અ. સૌ. કોમલ અર્પણ જોષી – મો. ૯૩૨૦૬ ૪૧૯૪૭
કુ. યુક્તા ધરમશી, કુ. ઉર્જા જોષી
માતુશ્રી જમકુબાઈ હંસરાજ કુંવરજી ભઠારા પરિવાર, નલિયા
શ્રી દામજી જેઠાભાઈ મૈશેરી પરિવાર, બાંઢીયા
શ્રી રતીલાલ પદમશી નાગડા પરિવાર, નલિયા

ટેલીફોન અને વોટ્સએપ દ્વારા દિલાસો આપનાર સર્વે હિતેચ્છુઓ / મિત્રો / જ્ઞાતિજનોનો અંતઃકરણપૂર્વક આભાર...

રહેઠાણ : બી-૯૦૩, છેડા હાઈટ્સ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૭૮.

# શ્રધ્ધાંજલિ

મેંડે મેં હલ્કી મંઢિયું, ગિરાકી કેતરી વાર?
ખટ ત 'તેજ' એડી કરજે હલે સજી જમાર.

– 'કવિ તેજ'



## સ્વ. તેજપાલ ધારશી નાગડા (શાહ) 'કવિ તેજ'

**ગામ : નલિયા • હાલ : ગાંધીધામ**

**સ્વર્ગવાસ : તા. ૧૬-૦૪-૨૦૨૧**

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી?
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
દિવસ રાત વિતતા જશે પણ યાદ તમારી આવતી રહેશે,
કલ્પના બહારની તમારી વિદાય અમારુ કાળજું કંપાવી ગયું,
તમારી યાદ હંમેશાં અમારી સાથે રહેશે.

–: શોકાતુર :–

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલીયા**
**શ્રી પાંજરાપોળ ગૌશાલા ચેરિટેબલ ટ્રસ્ટ નલીયા**
**ટ્રસ્ટીગણ અને સર્વ ગામવાસીઓ**

જેની છત્રછાયામાં વ્યવસાયિક શિક્ષણ પ્રાપ્ત કરી
અમે સફળતાના શિખરે પહોંચ્યા...એવા
અમારા જીવનના ઘડવૈયા...

# શ્રી હીરાચંદભાઈને આત્મીયભરી શ્રદ્ધાંજલી...

કચ્છ : સુથરી
મુંબઈ : મુલુંડ



જીવનયાત્રા : તા. ૯-૬-૧૯૪૬ થી તા. 30-3-૨૦૨૧

## શ્રી હીરાચંદભાઈ વેલજી છેડા

આકૃતિથી અનોખા...પ્રકૃત્તિથી પ્રભાવશાળી...કૃતિથી કામણગારા...વ્યવસાયમાં સૌ માટે આદરણીય...
રાહ બતાવ્યા અમને સાહસના...ખીલાવી અમારી સમૃદ્ધિની વસંત...
સ્નેહ સમર્પણ એ મહામાનવના...હરપળ રહેશે જીવંત...

...શોકાતુર...

શ્રી સંજય ચીમનલાલ નાગડા
માતુશ્રી દમયંતી ચિમનલાલ નાગડા
અ.સૌ. સાધના સંજય ચીમનલાલ નાગડા • ધ્વની નિશાંત સંજય નાગડા • ભૈરવી સંજય નાગડા

**માતુશ્રી હિરબાઈ વેલજી ઘેલાભાઈ છેડા પરિવાર (સુથરી)**

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023 WPP Licence No. MR/Tech/WPP-352/North/2021-23
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**